Price : 5/-
Total Page : 32

જાગૃતિ સંદેશ
JAGRUTI SANDESH

Vol 17 Issue No. 1 - Mumbai JANUARY 2017

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

GATEWAY TO GLOBAL EDUCATION

- State of the art Infrastructure
- Scientifically designed curriculum
- Safe, hygienic environment with 24 x 7 CCTV security
- Personalized attention by well experienced and trained faculty
- Online Parent Interaction System
- Fleet of self-owned buses
- Age appropriate & child centered learning
- Child Teacher Ratio – 12:1; Adult Child Ratio – 1:8

Witty International School is Mumbai's first JAIN MINORITY INSTITUTION.

- 50% concession in Admission Fees to Jain Students
- No Egg / No meat / No fish allowed, 100% Pure Veg Institution
- Daily recital of Navkar Mantra during school Prayer
- No exam during 'PARYUSHAN'

WITTY KIDS®
Preschool and Activity Club

WIS
WITTY INTERNATIONAL SCHOOL®
ISO 9001:2008 CERTIFIED

Bangur Nagar, Goregaon (W)	Pawan Baug, Malad (W)	Chikoowadi, Borivali (W)
Call on: 92230 11702-705	Call on: 022 - 61056900-904	Call on: 90290 83556-557

Advt.

info@wittykidsindia.com, www.wittykidsindia.com

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**

કેબિનેટ કમિટી

ચૅરમૅન	:	શ્રી સંજય બી. શાહ
તા.ભૂ.પૂ.ચૅરમૅન	:	શ્રી રમેશભાઈ જે. મોરબિયા
ફાઉન્ડર ચૅરમૅન	:	શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા
વાઈસ ચૅરમૅન	:	શ્રી પ્રફુલ્લ વી. કામદાર
		શ્રી પ્રવીણ એ. શાહ
સેક્રેટરી જનરલ	:	શ્રી કિશોર એસ. શેઠ
સેક્રેટરી	:	શ્રી જયંતીલાલ કે. છાડવા
		શ્રી ઉદય ડી. સંઘવી
		શ્રી અનિલ જી. દોશી
		શ્રી વિજય એચ. મહેતા
ડેવલપમેંટ સેક્રેટરી	:	શ્રી રમેશ એમ. સંઘવી
ખજાનચી	:	શ્રી રાજેશ સી. ગાંધી
		શ્રી રાજેશ આર. ભણસાલી
તંત્રી	:	શ્રી ચંદ્રકાંત એફ. શાહ

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

ચૅરમૅન	:	શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી
તા.ભૂ.પૂ.ચૅરમૅન	:	શ્રી કિશોર એન. શાહ
વાઈસ ચૅરમૅન	:	શ્રી રમેશ જે. મોરબિયા
	:	શ્રી સંજય બી. શાહ
સેક્રેટરી	:	શ્રી પ્રફુલ્લ વી. કામદાર
	:	શ્રી અમિત બી. કોઠારી
ખજાનચી	:	શ્રી હસમુખ કે. દેઢિયા

: ટ્રસ્ટીઓ :

શ્રી પ્રવીણ જી. શાહ	શ્રી કમલેશ સી. શાહ
શ્રી કિશોર એસ. શેઠ	શ્રી હર્ષદ જે. ગાંધી
શ્રી જયંતી કે. છાડવા	શ્રી નીતિન એમ. સંઘવી
શ્રી રસિક એન. કોઠારી	શ્રી શૈલેશ ડી. શાહ
શ્રી રાજેશ આર. ભણસાલી	શ્રી રાજેશ સી. ગાંધી
શ્રી ધર્મેશ એસ. જૈન	શ્રી રાહુલ એમ. ટિંબડિયા
શ્રી અનિલ જી. દોશી	શ્રી ચંદ્રકાંત એફ. શાહ

: ઈન્વાયટી :

શ્રી દિનેશ વી. શાહ	શ્રી કિરણ એચ. શાહ

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.

છૂટક મૂલ્ય રૂ.૫/-   વાર્ષિક લવાજમ રૂ.૫૦/-

Message From The CHAIRMAN.....

મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,

જય જિનેન્દ્ર,

આ અંક આપના હાથમાં આવશે ત્યારે દેશનું ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર (બજેટ) શ્રી અરૂણભાઈ જેટલી નાણાપ્રધાને રજૂ કરવા માટે તૈયારી કરી રહ્યા છે. બજેટમાં હવે પહેલાં જેવા ધડાકા થતા નથી, કારણકે નાણાં નીતિ, આયાત-નિકાસ કે ટૅક્સ સ્ટ્રક્ચર હવે બજેટ પૂરતાં સીમિત નથી રહ્યાં. વર્ષના ગમે તે સમયે આમાં ફેરફાર આવે છે. પેટ્રોલિયમ પ્રોડક્ટમાં છાશવારે વધારો આવે છે જે સમગ્ર ઈકૉનોમીને છિન્નભિન્ન કરી નાખે છે. વર્ષો બાદ પણ આપણે કોઈ સારો હોશિયાર નાણા પ્રધાન શોધી શક્યા નથી જે મોંઘવારીને નાથી શકે ને ઈકૉનોમીને સ્થિર કરી શકે અને આમવર્ગને રાહત આપી શકે. તેની સામે આપણા પાડોશી દેશ ચીને છેલ્લાં પંદર વર્ષમાં સામ્યવાદના વાઘા ફેંકી દઈને એવો સર્વાંગી વિકાસ કર્યો કે આંતરરાષ્ટ્રીય તખતા ઉપર અમેરિકા જેવા માતબર રાષ્ટ્રને હંફાવી ઈન્ટરનેશનલ બિઝનેસમાં આગળ નીકળી ગયું. એક સમય એવો હતો કે આપણે સવારના બ્રશથી લઈ પેન્સિલ/રબ્બર જેવી સામગ્રી, ઈલેક્ટ્રોનિક્સ વગેરે જાપાનથી આયાત કરતા! આજે તો સવારથી સાંજ સુધી લગભગ બધી જરૂરિયાતો પર Made in China લખેલું હોય છે. ૧૫ વર્ષમાં આવી હરણફાળ કઈ રીતે કરી? વિસ્તારવાદી માનસ હોવાને કારણે તેણે આપણા કેટલાય પ્રદેશ પર દાવો કરી લીધો છે તે હિસાબે તે આપણો દુશ્મન પાડોશી કહેવાય, પરંતુ ધંધાકીય દૃષ્ટિથી એ આપણો હરીફ જ છે. આપણે કેમ આવી પ્રગતિ કરી શકતા નથી? આપણી પાસે બધા જ સ્રોત છે, છતાં આપણા કાયદા અને જડ બ્યૂરોક્સી આપણી પ્રગતિને રૂંધી રાખે છે અને રાજકારણીઓની ખાયકીએ આપણી ઈકૉનોમીને ખોખરી કરી નાખી છે. મારા મત પ્રમાણે ચીને જે રીતે છેલ્લા દશકામાં પ્રગતિ કરી છે તેનો અભ્યાસ કરવા આપણા યુવાન Intellictualsને અમેરિકા અથવા યુરોપ મોકલવાને બદલે અભ્યાસાર્થે ચીનમાં મોકલવા જોઈએ.

સત્તાના સમીકરણો માણસને ખલાસ કરી દે છે. મને એ વ્યક્તિઓ દેખાય છે જે વાત સમાજસેવાની કરે પરંતુ તે એટલી બધી સત્તાથી અંધ હોય કે વ્યક્તિને, પરિસ્થિતિને એ પોતાના કાબૂમાં રાખવા ઈચ્છે છે. ત્યારે સદ્ ત્યાંથી વિદાય લે છે, જ્યાં વ્યક્તિ અન્યને પોતાના કાબૂમાં રાખવા ઈચ્છે. ભૌતિક ગુલામી

અને માનસિક ગુલામી બંને બહુ ભિન્ન છે. એક તરફ સંપત્તિ માણસને કાબૂમાં કરે છે. પોતે જ પોતાની સંપત્તિથી બંધાયેલો છે. એના પર સંપત્તિ અને સમાજની સત્તા છે બીજી તરફ બીજાને ગુલામીમાં રાખવાની માનસિક્તા. પોતે પોતાના પદની સત્તાથી અંધ છે. ઘણીવાર થાય કે જ્ઞાન/વિદ્યા કેમ હંમેશાં નબળાં પડે છે? આપણે મન, તાજમહેલ બાંધનાર કારીગરનું કોઈ મૂલ્ય નથી પરંતુ માત્ર શહેનશાહનું મહત્ત્વ છે. જે સત્તા પર છે તેને પૂજવાનું સહુને ફાવે છે કારણ હમણાં જ એ સ્થાન પરથી કોઈ કલ્પવૃક્ષીય ફળ પડશે અને આપણને તારી દેશે, એવી અપેક્ષા છે. ઈશ્વર આમાં ક્યાંથી મળશે? કારણ પરમના આનંદનું મૂલ્ય કોઈ સાથે તોળી શકાતું નથી, પણ પરમના આનંદની વાત કરનાર એટલા બધા ભારથી લદાયેલા છે કે હું જો તેમને સવાલ પૂછીશ તો તે પણ તેનો અંતરઆત્મા નહીં સમજી શકે પરંતુ તે વાત કરશે પોતાની સિદ્ધિની. સિદ્ધિના દેખાડા ન હોય, સિદ્ધિ તો મૌન ભણી લઈ જાય. હવે પ્રશ્ન એ પણ થાય કે જો સિદ્ધિને ઉજવીએ નહીં તો અન્યમાં એના આનંદ અંગેની અનુભૂતિ કઈ રીતે પહોંચાડી શકાય? જે અસ્ખલિત આનંદ છે તેની વાત ન થાય તો કેમ ચાલે? હોવાપણું અને થવાપણું, આ બે મિલનબિંદુમાં જ આધ્યાત્મિક જીવનનું રહસ્ય છુપાયેલું છે. જે સહજ થાય તેને વહેતાં ઝરણા માપક વહેવા દઈએ એ ભીંજાતા મનુષ્યના આનંદનો ગર્વ, કારણ વહેવું એ પ્રકૃતિ છે અને એની નીચે આવી એમાં એ અનુભૂતિ લેવી એ નિયતિ અને કર્મ છે. ઝરણાંએ ન કરવાનો હોય.

શું તમે આજમાં જીવો છો? જો તમારો જવાબ 'હા'માં હોય તો તમારા જેવું નસીબદાર આ દુનિયામાં બીજું કોઈ નથી. અને જો તમારો જવાબ ના માં હોય તો હજુયે મોડું નથી થયું. પોતાને બદલવાની કોશિષ કરો અને આજમાં જીવવાનું શરૂ કરી દો. જો કે આ વસ્તુ બોલવાની જેટલી સહેલી છે એટલી જ અપનાવવી મુશ્કેલ છે. કારણ કે આપણને સૌને આવતીકાલની ચિંતા હોય છે. આપણી પીઠ પર ગઈકાલનો ભાર હોય છે અને આપણાં માથા પર આવતીકાલની ચિંતા હોય છે.

આપણે એક હાથમાં ભૂતકાળને પકડી રાખીએ છીએ અને બીજા હાથમાં ભવિષ્યને પકડ્યું હોય છે. આજ માટે તો ખોબો ખાલી જ નથી. આપણે સતત ભવિષ્યનું પ્લાનિંગ કરતા રહીએ છીએ એટલે આજ છટકી જાય છે. આપણી આજ છે એ ગઈકાલે આપણું ભવિષ્ય હતુ. ક્યાં સુધી આપણે આપણી આજને ભવિષ્ય પર ટાળતાં રહીશું?

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત સમૂહલગ્નમાં ડિસેંબર મહિનામાં ૨૦ દંપતિઓ જોડાયાં હતાં. આ વર્ષના સમુહલગ્નના દાતા જેજેસી બોરીવલી સેન્ટરના પ્રમુખ તથા તેમના સેન્ટરના દરેક દાતાઓનો આભાર માનીએ છીએ. તેવી જ રીતે જેજેસી. સુરેન્દ્રનગરમાં પણ સમુહલગ્નમાં ૧૧ દંપત્તિઓ જોડાયા હતાં. તથા જેજેસી ધાંગધ્રા સેન્ટરમાં યુવામેળામાં ૨૭૨ યુવક તથા ૧૩૨ યુવતીઓએ ભાગ લીધેલ હતો. હું એવી જ આશા રાખું છું કે દરેક સેન્ટરો એન્ટરટેનમેન્ટ પ્રોગ્રામની સાથે આ વર્ષની અંદર ૧ સામાજીક પ્રોગ્રામ દરેક સેન્ટરોએ કરવો જોઈએ તેવી હુ આશા રાખું છું. જેજેસી ધાંગધ્રા તેમ જ જેજસી સુરેન્દ્રનગર સેન્ટરને ખુબ ખુબ અભિનંદન

એક નવુ સેન્ટર જેજેસી લેડિઝ વિંગ ધાંગધ્રા તા. ૧૨.૨.૧૭ના દિવસે શરૂઆત થશે. તેવી જ રીતે જેજેસી કાંદિવલી યુવા મેળો તા. ૨૯.૧.૧૭ થઈ ગયો હશે તથા આગામી યુવા મેળો વાપી સેન્ટરનું તા. ૨.૪.૧૭ના રોજ રાખેલ છે.

૨૦૧૭માં જેજેસીના દરેક સેન્ટરોમાં મેમ્બરશીપ ફૂલ થઈ ગઈ હશે તેવી આશા હુ રાખુ છું.

એક જગ્યાએ મે બહુ સરસ વાંચ્યું હતું કે ''તમારે જીવવું છે? જીવી લો, પ્રેમ કરવો છે? કરી લો. કોઈ વાતથી ડરો નહીં. કોઈ વાતથી ડગો નહીં. જિંદગી સરવાળે એવી જ રહેવાની છે જેવી તમે તેને જીવવાનો નિર્ધાર કરો. તમે રડશો તો પણ દિવસ પસાર થવાનો છે. તમે ડરશો તો પણ દિવસ પસાર થવાનો જ છે અને તમે હસશો તો પણ દિવસ ચાલ્યો જ જવાનો છે. તમારે તમારો દિવસ કેવો રાખવો એ તમારા હાથની વાત છે. તમારે નક્કી કરવાનું છે કે મારે કેવી રીતે જીવવું છે? જીંદગી સુંદર છે જ છે એને સુંદર રાખવી કે નહીં એ તમારે નક્કી કરવાનું છે.''

માટે, ચિંતા છોડો... ખુશ રહો... અને આજમાં જીવો...

લિ. સંજય બી. શાહ
ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ

મનોરંજનની અટારીએથી

જે.જે.સી.		તારીખ	કાર્યક્રમ	
● અમૃતનગર	:	૧૫-૧૨-૧૬	'મ્યુઝીકલ ઑર્કેસ્ટ્રા' -	★
	:	૧૯-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	◈
	:	૨૪-૧૨-૧૬	'કસુંબર ડાયરો' -	◈
	:	૨૭-૧૨-૧૬	'JUKE સમ્રાટ' - નાટક	✦
● બોરીવલી	:	૦૮-૧૨-૧૬	'જ્યાં લક્ષ્મી ત્યાં નારાયણ' - નાટક	★
	:	૩૧-૧૨-૧૬	'WELCOME - 2017' - ઑર્કેસ્ટ્રા	★
● ભાંડુપ વિક્રોલી	:	૨૦-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	◈
	:	૨૨-૧૨-૧૬	'JUKE સમ્રાટ' - નાટક	✦
	:	૨૪-૧૨-૧૬	'ઑર્કેસ્ટ્રા' -	◈
● ભુજ	:	૩૧-૧૨-૧૬	'ભદ્રેશ્વર તીર્થયાત્રા' - પ્રવાસ	★
● ચેમ્બુર	:	૧૨-૧૨-૧૬	'પપ્પા વન્સ મોર' - નાટક	★
	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	★
	:	૩૧-૧૨-૧૬	'BYE BYE 2016' - ઑર્કેસ્ટ્રા	★
● દહિંસર	:	૨૫-૧૨-૧૬	'હસવાની મનાઈ નથી' - હાસ્ય દરબાર	★
	:	૩૧-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ્સ' - ઑર્કેસ્ટ્રા	★
● દહિંસર (લેડીઝ વિંગ)	:	૨૫-૧૨-૧૬	'હસવાની મનાઈ નથી' - હાસ્ય દરબાર	★
	:	૩૧-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ્સ' - ઑર્કેસ્ટ્રા	★
● ધાંગ્રધા	:	૨૫-૧૨-૧૬	'જીવન સાથી પરિચય સંમેલન' -	★
● ગોલ્ડન ગારોડીયા	:	૧૨-૧૨-૧૬	'અભિનીત કહાની-૨' - ફિલ્મ	◈
	:	૨૦-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	◈
	:	૨૨-૧૨-૧૬	'JOKE સમ્રાટ' - નાટક	★
	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	◈
● ગોંડલ	:	૨૭-૧૧-૧૬	'સ્નેહ મિલન' - ગેટ ટુ ગેધર	★

● ગોંડલ (લેડીઝ વીંગ)	:	૦૩-૧૨-૧૬	'ગેઈમ ડાન્સ' - ઑર્કેસ્ટ્રા	★
● જેમ જગડુશા	:	૦૨-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	◈
	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	◈
	:	૩૧-૧૨-૧૬	'NEW PARTY' - ઑર્કેસ્ટ્રા	★
● જેજેસી-જુહુ	:	૧૨-૧૨-૧૬	'જીના ઈસીકા નામ' - સુજાતા ત્રિવેદી	◈
	:	૧૪-૧૨-૧૬	'પપ્પા વન્સ મોર' - નાટક	◈
	:	૧૫-૧૨-૧૬	'JOKE સમ્રાટ' - નાટક	◈
	:	૨૫-૧૨-૧૬	'દંગલ' - ફિલ્મ	◈
	:	૩૦-૧૨-૧૬	'સુફી કવ્વાલી ભાવિન શાસ્ત્રી' -	★
● જેજેસી રજવાડી	:	૧૦-૧૧-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	★
	:	૩૦-૧૧-૧૬	'DEAR ZINDAGI' - ફિલ્મ	◈
	:	૧૦-૧૨-૧૬	'શોધ પ્રતિશોધ' - નાટક	◈
	:	૨૮-૧૨-૧૬	'DANGAL' - ફિલ્મ	◈
	:	૩૧-૧૨-૧૬	'મનીષ જોશી વીથ પોમલ શાહ' - ઑર્કેસ્ટ્રા	★
● કલાનગરી વડોદરા	:	૨૪-૧૨-૧૬	'Dance & Dyne' - ઑર્કેસ્ટ્રા	★
● કાંદિવલી	:	૨૨-૧૨-૧૬	'નસ નસમાં ખુન્નસ' - નાટક	★
● કોલક્તા	:	૦૪-૧૨-૧૬	'ગોલ્ડન તંબોલા' - હાઉસી ગેમ શો	★
	:	૧૧-૧૨-૧૬	'તીર્થ યાત્રા' - પ્રવાસ	★
	:	૨૭-૧૨-૧૬	'નૂતન વર્ષાભિનંદન' - ગેટ ટુ ગેધર	★
● મલાડ	:	૧૬-૧૨-૧૬	'CODE મંત્ર' - નાટક	★
● મુલુંડ	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	◈
	:	૩૧-૧૨-૧૬	'WELCOME-2017 પેરેડાઈઝ ફન રીસોર્ટ' -	★
● મુંબઈ	:	૦૯-૧૨-૧૬	'અમે ડાર્લિંગ એકબીજાના' - નાટક	◈
	:	૨૫-૧૨-૧૬	'———' - નાટક	★
● મુંબઈ (લેડીઝ વીંગ)	:	૨૦-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	◈

● નવી મુંબઈ	:	૦૬-૧૨-૧૬	'શોધ પ્રતિશોધ' - નાટક	◈
	:	૨૦-૧૨-૧૬	'JOKE સમ્રાટ' - નાટક	◈
● નૉર્થ ઈસ્ટ	:	૦૫-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	★
	:	૦૮-૧૨-૧૬	'કહાની-૨' - ફિલ્મ	◈
	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	◈
● નૉર્થ વેસ્ટ	:	૦૬-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	★
	:	૦૮-૧૨-૧૬	'કહાની-૨' - ફિલ્મ	◈
	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	◈
● પેડર રોડ	:	૦૩-૧૨-૧૬	'ONCE UPON A TIME IN GUJARAT' - ઑર્કેસ્ટ્રા	★
	:	૨૩-૧૨-૧૬	'JOKE સમ્રાટ' - નાટક	◈
	:	?	'?' - ફિલ્મ	◈
	:	૩૧-૧૨-૧૬	'મુંબઈ દર્શન' - પિકનિક	★
● રૉયલ જગડુશા	:	૨૪-૧૨-૧૬	'બોલીવુડ નાઈટ' - ઑર્કેસ્ટ્રા	◈
● સાયન માટુંગા	:	૨૯-૧૨-૧૬	'ગુજ્જુલાલ કરે ધમાલ' - નાટક	★
● સુરત	:	૧૮-૧૨-૧૬	'ગેઈમ શો - હાઉસી ગેમ' -	★
	:	૨૮-૧૨-૧૬	'રેડી સ્ટેડી ગો' - નાટક	★
● વિલે પાર્લે	:	૦૧-૧૨-૧૬	'નસ નસમાં ખુન્નસ' - નાટક	◈
	:	૦૯-૧૨-૧૬	'जीवन को कैसे स्वर्ग बनाये' - પ્રવચન	★
	:	૧૪-૧૨-૧૬	'ગુજરાતી ગીતો' - ઑર્કેસ્ટ્રા	◈
	:	૧૮-૧૨-૧૬	'સાંજ ગુજરાતી ગઝલ' - ઑર્કેસ્ટ્રા	★
	:	૨૪-૧૨-૧૬	'શ્રી નયપદ્મસાગરજી મ.સા. નું પ્રવચન' -	★
	:	૨૫-૧૨-૧૬	'X-MAS NIGHT' - DANCE PROGRAMME	★
	:	૨૬-૧૨-૧૬	'પ્રેમનું PAYTM' - નાટક	★

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.

જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

S. No.	Name Of Centre	Charter Date	President	Mobile No	Secretary	Mobile No.
1	Shivaji Park	01-02-1996	Laxmichand Vora	9819751897	Rohit Gangar	9821568781
2	Ankaleshwar	01-02-2009	Vinod Dhoka	9427930764	Nrupati Shah	9427188384
3	Yavatmal	01-02-2015	Hemendra Doshi	9422498070	Kalpesh Patira	9422167540
4	Wankaner	02-02-1997	Punamchand Patel	9428278618	Jaysukh Patel	9974052582
5	Navi Mumbai	05-02-1999	Milan Shah	9820039489	Jitendra Kamani	9867299235
6	Mulund	06-02-1993	Dharmesh Jain	9821010286	Bharat Dhami	9821249449
7	Vashi	06-02-1994	Dhirajlal Mehta	9819252042	Shirish Mody	9324251401
8	Ladies Wing Surat	08-02-1997	Meenaben Shah	93776 06507	Pratimaben Shah	9723260073
9	Thirthnagari Karjan	14-02-1999	Bipin Shah	9898210633	Bhupendra Shah	9825817090
10	Ladies Wing Ankleshwar	14-02-2010	Sushama Shah	9898648388	Purvi Shah	9428588441
11	Jetpur	20-02-2011	Ajay Vora	9409015909	Vipin Chovatia	9426981189
12	Mid Town Rajkot	20-02-2012	Paras Sheth	9825288332	Jatin Sanghani	9227400887
13	Panvel	21-02-2010	Dhiraj Dharod	9820528056	Jayanti Shah	9321242024
14	Ladies Wing Central Mumbai	23-02-1998	Arvinda Chheda	9833067661	Dipti Chheda	9819046644
15	Bhabhar	23-02-2003	Suresh Sanghani	9898672370	Bharat Gadhecha	9429980805
16	Bhandup Vikhroli	26-02-1994	Rajnibhai Shah	9869790710	Rajesh Sangoi	9821132559

JJC CENTRAL BOARD

Sr. No.	Name	Marriage Date	Mobile No.	Email ID
1	Sanjay B. Shah	18-02-1979	9821050169	sanb.shah@gmail.com
2	Chandrakant F. Shah	10-02-1989	9322990772	chandra.pack@gmail.com

JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

Sr.No.	Name	Date of Birth	Marriage Date	Mobile No.	Email ID
1	Hasmukh K. Dedhia	12-02-1949		9820229626	hkdedhia@yahoo.com
2	Kiran H. Shah		19-02-1973	9820024491	shivs8@gmail.com

ખરેખર હું શેઠિયો નથી પણ વેઠિયો છુ

■ કિરણ શાહ - Past Chairman

(કોઈ પણ લેખક મોટે ભાગે બે કારણો લખે છે ''કાં તો કોઈને જોઈને'' અથવા ''કાં તો કોઈને ખોઈને''. મેં આ લેખ લખ્યો છે હંમેશા રૂટિન જીવન જીવતાં વેઠિયાઓને જોઈને. જિંદગીમાં આપણે ઘણા ''workoholics'' જેને આપણે વેઠિયા કહી શકીએ તેઓ એક સરખું જીવન આખી જિંદગી સુધી જીવ્યા કરે છે. તેઓને ખબર નથી કે જીવનમાં જેટલું રૂટિન કમી તેટલું જીવન વિશેષ. મારા હિસાબે મનુષ્ય ફક્ત નોકરી કરવા માટે સર્જાયેલું પ્રાણી નથી. આજના જમાનામાં નોકરી એક સંસ્થા બની ગઈ છે. એકધારું રૂટિન જીવન જીવતા લોકોને મારી વિનંતી કે આપ આપની દૃષ્ટિનો સ્પર્શ આ લેખને કરાવશો, તમારા જીવનના અભિગમને બદલવા માટે)

આપણામાના ઘણાને આપણી રૂટિન જિંદગી વેઠિયા જેવી લાગતી હશે. એક સરખી જીવાતી જિંદગીથી કંટાળો પણ આવતો હશે, કારણકે જન્મથી મરણગાળાના સમયને આપણે જિંદગી કહીએ છીએ અને જીવવાનું ચુકી જવું એ આપણી હોબી થઈ ગઈ છે. આપણે શાંત અને સુરક્ષિત જિંદગીના ખ્યાલમાં વધુ પડતા ઠંડા અને કાયર બની ગયા છીએ. આપણે જિંદગીની ''એક્સાઈટમેન્ટ'' અને તેનું રહસ્ય માણતા નથી. જીવન એ એક મોટી ગીફ્ટ છે અને ઈશ્વર આપણને રોજેરોજ નવી સરપ્રાઈઝ આપતો જ રહે છે. આપણે એ સમજવાનું છે કે જિંદગી એક ઈત્તફાક છે. કાલે પણ હતી અને આજે પણ છે. જિંદગી એ કોમ્પ્યુટરમાં ડાઉનલોડ કરેલો પ્રોગ્રામ નથી કે આપણી મુજબ ચાલે. જિંદગી તો રહસ્યમય નવલકથા જેવી છે, દરેક પાનું ફરે અને જિંદગીનું નવું સસ્પેન્સ ખુલે છે. જીવન આપણા ધાર્યા પ્રમાણે ક્યારેય હોતું નથી અને હોવું પણ ન જોઈએ, બધું જ સરળ, સહજ મળે અને નહીં પણ મળ્યું હોય એને સરળતા અને સહજતાથી સ્વીકારીએ એને જીવન કહેવાય. જીવનમાં શું બનશે તે કદી કહી શકાય નહીં. કોઈ વ્યક્તિ પોતાની જીવનકથા અગાઉથી લખી શકે નહીં. ભલે ભગવાને આપણી જિંદગીનો આખો પ્રોગ્રામ અગાઉથી સેટ કરેલો હોય પણ તેમાં 'બેસ્ટ પરફોમન્સ'' આપવાનું કામ તો આપણું છે. ઈશ્વરના ચોપડામાં આપણું બોલેલું કે વાંચેલુ નહીં પરંતુ આપણું કરેલું નોંધપાત્ર હોય છે. જિંદગીના ચોપડામાં જે આજે છે, તે કાલે નહિ હોય અને જે ગઈકાલે હતું તે આજે નહીં હોય.

કેટલું જીવ્યો એના કરતાં ''કેવું જીવ્યો'' એ મહત્વનું ઠે. ''જન્મ અને મૃત્યુ તો નિશ્ચિત જગતમાં થાય છે... કેટલું નહીં પણ ''કેવું જીવ્યો ''એ યાદ રહી જાય છે.'' આપણો શ્વાસ જિંદગીમાં વેઠિયાની જેમ દેહ ટકાવવા માટે જ ખર્ચાઈ જતાં હોય તો જિંદગી ઉજાળવા માટે સિલક કેટલી બચે? શ્વાસનું લાઈસન્સ એક્સપાયર ક્યારે થવાનું છે એની આપણને ખબર નથી. ઈશ્વર આપણા શ્વાસ પર સહી નથી કરતો પણ રોજે રોજ હિસાબ જરૂર રાખે છે. શ્વાસ રોકાયા પછી આપણા જીવનનું સરવૈયું ઈશ્વરના ચોપડે લખાયેલું રહેશે. જીવનના આખરમાં એ મહત્વનું નથી કે તમે કેટલા શ્વાસ લીધા પણ મહત્વનું એ છે કે તમે કેટલા શ્વાસ માણ્યાં. આપણે ઈશ્વરને રીટર્ન ગીફ્ટમાં શું આપવું છે એ આપણે વિચારવાનું છે.

આખી જિંદગી આપણે સંજોગોને અને લોકો ને મેનેજ કરતા રહીએ છીએ. ખરેખર તો આ કરવા માટે જરૂર પડે છે આપણી જાતને મેનેજ કરવાની. જિંદગીના મોટા ભાગના સવાલો જિંદગી ઉપર જ છોડી દેવા જોઈએ. મોડે કે વહેલે જિંદગી એનો જવાબ આપતી જ રહે છે. આપણે તો ફરિયાદ અને અફસોસમાં જ આપણી એનર્જી વેસ્ટ કરીએ છીએ. સરેરાશ માણસ જેને પોતાના જીવનમાં શું કરવું તેની સમજ નથી. તેને સદાય એકસરખું ચાલ્યા જ કરે તેવા જીવનની જરૂર પડે છે. (વેઠિયા જેવું

જીવન). જીવનની કરૂણતા એ નથી કે જીવનનો વહેલો વહેલો અંત આવી જાય છે, પણ એ છે કે જીવન જીવવાનો પ્રારંભ કરવામાં આપણે બહુ ઢીલ કરીએ છીએ. જ્યારે માણસ પાસે કશું ગણવાનું નથી હોતું ત્યારે એ પોતાના એકસરખા ચાલતા વર્ષો ગણે છે. તમે માત્ર જીવો છો કે જીવો છો ને કશુંક નવું શીખો છો – એ બે માં બહુ મોટો ફેર છે. ઘણાં પુસ્તકો ''લાંબુ જીવવું'' વિષે લખાયેલા છે પણ ''શા માટે'' તે પર કશું લખાતું નથી.

આજના જીવનમાં અર્થશાસ્ત્ર એટલે જ જીવનશાસ્ત્ર. ખરેખર તો જીવનનું સત્ય અર્થશાસ્ત્રના સત્ય કરતાં વધારે મહત્વનું છે. આપણે જીવનમાં ''ફિલોસોફિ ઓફ ઈનફનેસ'' અપનાવવાની જરૂર છે. એટલે કે જીવનનો આનંદ મેળવવા આપણી જરૂરિયાતો ઓછી કરવી. (અહીંયા તો રોજ નવી ઈચ્છા અવતરે છે, જે કંઈ માણ્યું તે ઓછું પડે છે). એક શાયરે લખ્યું છે.

થોડા સકૂન ભી ઢૂંઢિયે જનાબ

યે જરૂરતેં તો કભી ખત્મ નહિં હોગી.

જીવનમાં પૈસો ખૂબ જ જરૂરી છે, પરંતુ કેવળ પૈસો જ બધું ન આપી શકે એ સમજાઈ જાય તો બેડો પાર!! પૈસો માનવીનું સર્જન નથી કરતો, પરંતુ માનવી પૈસાનુ સર્જન કરે છે. યાદ રાખો કે કુંડળીમાં શનિ, દિમાગમાં મની અને જિંદગીમાં દુશ્મની ત્રણેય કષ્ટદાયક છે. જીવન ગીચ ઝાડી જેવું હોય છે અને આપણે ચાલવાનું શીખીએ એ પહેલાં વળાંક લઈ લે છે. જીવનમાં કઠણ વાત એછે કે કયો રસ્તો છોડી દેવો અને કયો રસ્તો ઓળંગવો.

સ્નુપી ડોગની કાર્ટૂન સીરીઝમાં એક કાર્ટુન છોકરો સ્નુપીને પૂછે છે કે ''એક દિવસ તો આપણે મરી જઈશું તો જિંદગી માટે આટલા ધમપછાડા કેમ?'' સ્નુપી જવાબ આપે છે ''પણ બાકીના દિવસોએ તો આપણે નહીં મરીએ ને?'' જીવન છે ત્યાં સુધી મઝાથી જીવી લેવાનું, પ્રારબ્ધ અને પુરુષાર્થ અંગેની સદીઓથી ચાલતી આવેલી ચર્ચાબાજીનો આખરી ઉકેલ હજી આવ્યો નથી. કદાચ પ્રારબ્ધની કલ્પના અને તેનો સ્વીકાર માણસની અલ્પતાના કારણે થયો હશે. યાદ રાખો કે ''તકદીર બદલ જાતી હૈ જબ જિંદગી કા હો કોઈ મકસદ, વરના ઉમ્ર કટ જાતી હૈ, તકદીર કો ઈલ્જામ દેતે હૈ.

પ્રિય વાચકો આપણું હોવા પણું સાર્થક કરવા ઈશ્વર પાસે પ્રાર્થના કરો કે હે ભગવાન, હું જ્યાં સુધી જીવું છું ત્યાં સુધી મને કર્મ આપ અને મારા કર્મનું પ્રયોજન રહે ત્યાં સુધી મને જીવન આપ. એકવાર-ફક્ત એકવાર તમે તમારી જિંદગીની માલિકિ અને જવાબદારી સ્વીકારો પછી તમને જીવન કેટલું મૂલ્યવાન છે એનો ખ્યાલ આવશે. નવું વર્ષ આપણે ભારયુક્ત નહીં પણ ભાવયુક્ત જીવીએ.

જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

લિ. સેક્રેટરી જનરલ

જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

વીલની મારફત ફ્લૅટ ટ્રાન્સફરના લાભ

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

કોઈ પણ સોસાયટીમાં વીલની મારફત ફ્લૅટ ટ્રાન્સફર થાય તો તેનાં લાભ શા?

કોઈ પણ ફ્લૅટ વીલ પ્રમાણે ટ્રાન્સફર થાય તો તેનો સૌથી મોટો ફાયદો છે (૧) કે Transfer under the will is by operation of Low. આ કારણસર કોઈ પણ ફ્લૅટ વીલ પ્રમાણે ટ્રાન્સફર થાય તો તે ફ્લૅટનાં ટ્રાન્સફર પર શોર્ટટર્મ કે લોંગટર્મ કેપિટલ ગેઈન ટૅક્સ ભરવો પડતો નથી.

(૨) ફ્લૅટ વીલ પ્રમાણે ટ્રાન્સફર થયો હોય તો બૉમ્બે સ્ટેમ્પ ઍક્ટ પ્રમાણે કોઈ પણ પ્રકારની સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડતી નથી.

(૩) ફ્લૅટ વીલ પ્રમાણે ટ્રાન્સફર થાય તો સોસાયટીનાં ટ્રાન્સફર ચાર્જીસ, પણ ભરવા પડતાં નથી.

એક જ કુટુંબના નિકટના સગાંએ પરસ્પર રજિસ્ટર્ડ કો. ઑપ. સોસાયટીમાં ફ્લૅટ ટ્રાન્સફર કર્યો હોય તો સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે?

હાં, કોઈ પણ રજિસ્ટર્ડ કો, ઑપ. સોસાયટીમાં ઘરનાં કુટુંબના સભ્યો એક સભ્યનાં નામ પરથી બીજા સભ્યનાં નામ પર ફ્લૅટ ટ્રાન્સફર કરે તો પાંચ ટકાને બદલે બે ટકાને પ્રમાણે ગિફ્ટ ડીડ પર સ્ટૅમ્પ ભરવી પડે છે. કોઈ પણ પુરુષના એકલાના નામ પર ફ્લૅટ હોય ને શૅર સર્ટિફિકેટ પર તેની પત્નીનું નામ ન હોય તો તે વ્યક્તિએ તેની હયાતી દરમિયાન જ ગિફ્ટ ડીડ કરીને ફ્લૅટ તેની પત્નીનાં નામ પર કરી નાખવો જેથી કરીને તેની પત્ની ભવિષ્યમાં કોઈ પણ પ્રકારના ડર વગર શાંતિથી રહી શકે. બે ટકાની સ્ટૅમ્પ ડ્યૂટી કરતાં મનની શાંતિ વધારે જરૂરી છે. આ બે ટકાની સ્ટૅમ્પ ડ્યૂટી બૉમ્બે સ્ટૅમ્પ ઍક્ટના આર્ટિકલ-૨૫ પ્રમાણે ભરવી પડે છે. આ કાયદાનો અમલ પહેલી મે, ૨૦૦૨થી કરવામાં આવ્યો છે.

સ્ટૅમ્પ ડ્યૂટીનું રિફન્ડ કયા સંજોગોમાં અને કઈ રીતે મળે છે?

ઘણી વખત સ્ટૅમ્પ પેપર લીધા પછી સોદો થતો નથી. આવા સંજોગોમાં સ્ટૅમ્પ પેપર લીધો હોય તો તેનાં છ મહિનાની અંદર સબ-રજિસ્ટ્રારને એપ્લિકેશન કરીને સ્ટૅમ્પ ડ્યૂટીનું રિફન્ડ લઈ શકાય છે. આવા સંજોગોમાં સબરજિસ્ટ્રાર કાયદા પ્રમાણે થોડાંક નાણાં કાપીને બાકીનાં નાણાં પાછાં આપી દે છે, પણ સ્ટૅમ્પ પેપરનાં રિફન્ડની આ અરજી એનાં સમયમર્યાદાની અંદર થાય તો જ સબરજિસ્ટ્રાર રિફન્ડ આપવાને બંધાયેલા છે. આ રિફન્ડને લગતા કાયદા બૉમ્બે સ્ટૅમ્પ ઍક્ટને લગતાં સેક્શન ૪૭થી ૫૨-એમાં આપેલા છે.

મુંબઈમાં સ્ટૅમ્પ ડ્યૂટી ક્યા આધારે લેવામાં આવે છે?

મુંબઈમાં કોઈ પણ પ્રૉપર્ટી ટ્રાન્સફર થાય તો તેની માર્કેટ વેલ્યુ પ્રમાણે સ્ટૅમ્પ ડ્યૂટી લેવામાં આવે છે અને દરેક વર્ષે લગભગ જાન્યુઆરીમાં મહારાષ્ટ્ર સરકાર પ્રૉપર્ટીને લગતું રેડીરેક્નર બહાર પાડે છે અને આ રેડી રેક્નરમાં જે પ્રાઈસ લખેલી હોય છે તે જ પ્રમાણે સોદો થયો હોય તો સ્ટૅમ્પ ડ્યૂટીને લગતા કોઈ પણ પ્રશ્નો ઊભા થતા નથી. કોઈ પણ પ્રૉપર્ટી ગવર્નમેન્ટ Lic એ વેચી હોય, CIDCO, BMC કે MAHADA એ વેચી હોય કે જેની પ્રાઈસ સરકારે PREDETERMINED પ્રાઈસ પ્રમાણે હોય તો Stamp dutyને લગતા પ્રશ્નો ઓછા થાય છે.

કોઈ પણ પ્રૉપર્ટી કે ફ્લૅટના એક્સ્ચેન્જમાં કેટલી સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે?

કોઈ પણ ફ્લૅટ કે પ્રૉપર્ટી એક્સચેન્જ કરાઈ હોય તો તેના પર સ્ટૅમ્પ ડ્યૂટી કન્વેયન્સમાં માર્કેટ વેલ્યુ પ્રમાણે સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે. એક્સચેન્જ ઑફ પ્રૉપર્ટીમાં - એગ્રીમેન્ટ ડુપ્લિકેટમાં કરવું. ઓરિજિનલ એગ્રિમેન્ટ પર પૂરેપૂરી સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે અને તેની બીજી કૉપી પર ફક્ત રૂા. ૧૦૦/- સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે. આ

બન્ને એગ્રિમેન્ટ રજિસ્ટર્ડ કરાવવા પડે છે. ઓરિજિનલ એગ્રિમેન્ટ પર પૂરેપૂરી રજિસ્ટ્રેશન ફી ભરવી પડે છે. ત્યારે સેકન્ડ કૉપી પર નોમિનલ રજિસ્ટ્રેશન ફી ભરવી પડે છે. કોઈ પણ દસ્તાવેજ પર Indian Registration Act-1908 પ્રમાણે Conveyance deed Gift Deed, Lease Deed, (એક વર્ષથી વધારે હોય તો) Margage Deed, Exchange Deed Power of Attorney for Selling the property આ બધા દસ્તાવેજનું રજિસ્ટ્રેશન ફરજિયાત છે, અને તેનું રજિસ્ટ્રેશન નથી કરાવ્યું તો તેની કાયદેસર રીતે દસ્તાવેજની કોઈ કિંમત રહેતી નથી. અને કોર્ટમાં પણ તે EVIDENCE તરીકે રજૂ થઈ શકતું નથી. રજિસ્ટર્ડ નહીં હોય એવા ડોક્યુમેન્ટની કાયદામાં કોઈ કિંમત નથી.

મુંબઈમાં ડૉક્યુમેન્ટ રજિસ્ટર્ડ કરાવવું હોય તો કઈ ભાષામાં હોવું જોઈએ?

મુંબઈમાં કોઈ પણ ડૉક્યુમેન્ટ રજિસ્ટર્ડ કરાવવું હોય તો અંગ્રેજી, હિન્દી, મરાઠીમાં હોવું જોઈએ.

बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक।

नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्ट्रूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

Mob.: 9820002953 • Tel.: 022-24121234



Luxurious Family & Couple Tour

શ્રી રાજયશ હોલીડેસ સંગાથે

ચાલો ભુતાન

(અતિસુંદર, શાંત, સ્વચ્છ) (ફુટસોલીંગ, પારો, થીમ્પુ, પુનાખા, ચૌખા, ગેડુ)

દિવસ : ૮/૯
EX. બાગડોગરા એરપોર્ટ / એનજેપી સ્ટેશન
દિવસ : ૬/૭ – EX. પારો એરપોર્ટ

ફેબ્રુ : તા. ૭ (સિનિયર સીટીઝન સ્પેશીયલ)
માર્ચ : તા. ૨૦ એપ્રિલ : તા. ૨૪ મે : તા. ૧, ૮,૧૫,૨૨,૨૯ જુન : તા. ૫

Deluxe Hotels, Pure Veg & Jain food by Marwadi Cook, Toyota Coach.

Special Air Package

દાર્જીલીંગ – સીક્કીમ

માર્ચ : તા. ૨૧, ૨૨ એપ્રિલ : તા. ૧૭, ૧૮, ૨૪, ૨૫
મે : તા. ૨, ૯,૧૬,૨૩,૨૬,૩૦
દિ. ૧૧/૧૨ : ગેંગટોક, પેલીંગ, લાચુંગ, યુમથાંગ, દાર્જીલીંગ

Deluxe હોટલ્સ, બોલેરો / સુમો દ્વારા પ્રવાસ, Pure Veg & Jain food by Marwadi cook

Go Cashless : Pay by Credit Card / Paytm / Online / NEFT

ગ્રુપ-મંડળ-સંસ્થા માટે સ્પેશિયલ રેટ

7, Geeta Estate, Gr. Floor, I.B. Patel Road, Goregaon (E), Mumbai-400 063.
Tel. +91-22-2685 5172 / 2685 5739 Mob. : 99672 97027 / 98694 37125
Email : raiyashholidays@gmail.com **www.rajyashworld.com**

શ્રી Rajyash Holidays

Advt.

सत्यमेव जयते
महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

हम भारत देश में रहने वालें, यहाँ वर्ष में कई दिन, खास तौर पर मनाये जाते है, जैसे स्वतंत्रता दिवस, नारी दिवस, गणतंत्र दिवस, मित्र दिवस, पिता दिवस, माता दिवस। अभी विश्व में योग दिवस माननीय प्रधान मन्त्री नरेन्द्र मोदी जी का प्रसिद्ध हुआ, यहाँ ऐसे कई दिवस मनाये जाते है। जापान में वर्ष में एक दिन ''सत्य दिवस'' के नाम से मनाया जाता है।

आज हमारा स्वभाव बन चूका है - झूठ बोलना, व्यक्ति की आदत सी पड गयी है, झूठ बोलने की, व्यक्ति को झूठ बोले बिना खाना नहीं भाता, नींद नहीं आती। आज किसी से पुछा जाये की झूठ नहीं बोलने से क्या तकलीफ होगी। लोग कहते है, भाई झूठ बोले बिना व्यापार चलता नहीं, नोकरी बिना झूठ बोले मजबूत होती नहीं, गृहिणी से पूछा जाय क्या आपको झूठ बोले बिना चलेगा। पति से झूठ सास-ससुर से झूठ, बच्चों से झूठ, इतना झूठ बोलते है, की अब हमे झूठ अच्छा लगने लगा है। इसकी हमें आदत सी हो गयी है, अब बिन झूठ के हमारा कोई कार्य चल नहीं सकता है, ऐसा हम स्वीकार करने लगे है। क्या वास्तव में सच बोलनेवाला व्यापार में नहीं कमाता। हम घरों में भी झूठ बोवकर लोगों का विश्वास खो देते है। बच्चों को डराना वहाँ भी झूठ - में अस्पताल जा रही हूँ, तू साथ आएगा तो तुझे डाक्टर सुई लगा देगा, बेटा बैचारा सहम कर घर रह जाता है, और मेडम ब्यूटी पार्लर चली जाती है। रो मत कुत्ता कट खाएगा, पुलिस आ गयी चुप हो जा, बाबा आ गया पकड ले जायेगा। हम कहाँ झूठ नहीं बोलते, जरा सोचें यह झूठ कर्म बन्ध करानेवाला है और संसार में भटकाने वाला है।

एर गाँव में सत्य नारायण नाम के एक सेठ रहते ते, वो झूठ बोलने में माहिर ते, बिना झूठ के उनको चलता ही नहीं था। सेठ अब इतना झूठ बोलने लग गये कि, अब आम व्यक्ति भी, सेठ को झूठा सेठ के नाम से पुकारता था। इस तरह झूठा सेठ अपना नाम खो बैठे थे, झूठा सेठ को अब अपना नाम झूठा सुनने की आदत सी पड गयी थी, उनके तीन बेटे थे, दो बेटों की शादी पहेले हो चुकी थी, तीसरे बेटे का सम्बन्ध करना था। एक जगह बात चली, और सम्बन्ध तय हो गया, क्योंकि यहाँ भी झूठ का सहारा लिया गया। अब बेटे की शादी हो गयी, बहु घर आई उसे पता लगा कि उसके ससुर बहुत झूठ बोलते है। झूठ बोलकर उसने उसके परिवार वालों भी ठगा है, अब क्या करें। बहु संस्कारी परिवार से थी किसी को कुछ भी कहने से समस्या हल नहीं होने वालीं थी। झूठ उसको बिलकुल पसन्द नहीं था, और यहाँ झूठ के बिना चलता ही नहीं था, क्या करें कैसे रहें।

एक दिन बहु किसी काम से बाजार में आयी, उस जमाने में औरतें थोडी लज्जा रखती थी किसी के सामने बोलती नहीं थी। कुछ लोग उसे देखकर आपस में बातें कर रहे थे, एक ने कहा - यहा झूठा सेठ की बहु है, अभी शादी करके आई है। इस तरह उसने दो तीन जगह झूठा सेठ के बारें में बात करते सुना, उसका माथा ठनका, वह इस बात को सहन नहीं कर पा रही थी। परन्तु क्या करें उसे वहाँ बोलना उचित नहीं लगा, घर आ गयी, अब बहु चिन्तित रहने लगी, वह अपने ससुर का अपमान सहन नहीं कर पा रहीं थी, पर करे तो क्यां करे। एक दिन उसने ससुर जी से मौका देख कर प्रेम से कहा - क्या झूठ बोले बिना आपका काम नहीं चलता है। लोग मुझे कहें तो में बर्दाश्त कर सकती हूँ। परन्तु लोगों ने आपका नाम झूठा सेठ रख दिया यह बात में सहन नहीं कर सकती। बहु ागे बोली आज-तक ''जो हुआ सो हुआ'' अब आप झूठ नहीं बोलोगे, ससुर कहने लगे झूठ नहीं बोलूँगा तो मेरा धंधा

चौपट हो जायेगा। बिना झूठ बोले अगर आपका काम नहीं चलता हो तो, फिर आपको मेरे बिना काम चलाना पडेगा। जिस घर में झूठ ही बोला जाता हो, वहाँ में कैसे रह सकती हूँ। अब झूठा सेठ के पास दो ही विकल्प थे - (१) झूठ बोलना बन्द करें, (२) या बहु को छोड दे। सेठ असमन्जस में पड गया, बहु तो छोड नहीं सकता, और झूठ बोले बिना कमाई नहीं हो सकती, बहु ने विश्वास दिलाया, सच बोलकर भी व्यापार किया जा सकता है। जो हमारे भाग्य में लिखा है, उसे कोई भी कम ज्यादा नहीं कर सकता। सेठ कहने लगे में अब सच ही बोलूँगा, तो लोग मेरा भरोसा नहीं करेंगे। बहु बोली में जैसा कहती हूँ, वैसा करों एक दिन अवश्य ही सफलता ही मिलेगी।

सत्य नारायम सेठ ने प्रण कर लिया वह अब सत्य ही बोलेगा, कुछ दिन व्यापार में तकलीफ पडी, और धीरे धीरे लोग समझ गयें, अब सेठ का व्यापार चलने लगा। बीच-बीच में बहु सेठ से व्यापार का हाल चाल पुछ लेती थी। एक दिन बहु बोली आप ने सत्य से जो रूपये कमाये ऊन रुपयों से एक सोने का सिक्का बनाओ, सेठ ने सोने का सिक्का बनाया, सिक्के के पिछे अपना नाम लिखवा दिया, घर आकर बहु को सोने का सिक्का दे दिया। बहु ने कहा इस सिक्के को राजमार्ग के एक चौराहे पर फेंक दो, जिसने जीवन में कभी ऐसा देखा न हो, उसे बहुत अटपटा लग रहा था, सेठ बहु के सामने कुछ बोलने की स्थिति में नहीं था।

उसने सिक्का चौराहे पर डाल दिया, वह मन ही अपने आप को कोसता रहा था। कैसी बहु मिली जो सत्य नारायण का, सत्यनाश करने पर तुली है, सेठ तो सिक्का चौराहे पर फेंक कर अपने व्यापार में लग गया। दुसरे दिन सुबह एक हरिजन को वह सिक्का चौराहे पर, झाडू लगाते वक्त मिला, हरिजन प्रसन्न हुआ, क्योंकि पिली चीज ही ऐसी होती है। कहावत है, ''दिखे पिला तो मन होय ढीला''।

सिक्का हरिजन हाथ में लेकर देखता है, इधर उधर पलटता है, एक तरफ उसको सत्य नारायण सेठ का नाम दिखा, वह मन ही मन सोचने लगा, इस सिक्के पर नाम लिखा है, कभी कहीं किसी तरह पकडा गया हो तो राजा मुझे फाँसी पर चडा देंगे।

वह सेठ के घर जाकर सिक्का उन्हें लौटा देता है, सेठ ने देखा सिक्का वापस आ गया। बहु बोली आप अब इस सिक्के को समुद्र में डाल दो, सेठ ने सिक्का समुद्र में डाल दिया, वहाँ वह सिक्का एक मछली के पेट में चला जाता है, और संयोग से वह मछली मझुहारे के जाल में फँस जाती है। मछली मर गई, मछुहारा मछली को चाकु से काट रहा था, कि उसके पेट से अचानक सोने का सिक्का निकला। उस मछुहारे ने सोने के सिक्के को इधर-उधर पलट कर देखा, और सत्य नारायण सेठ का नाम पढा, मछुहारा सोने का सिक्का सेठ को लौटा देता है, अब सिक्का वापस सेठ के यहाँ पहुँच जाता है। सत्य की कमाई हुई लक्ष्मी कहीं जाती नहीं है, और गई तो वापस आ जाती है, यह बात अब सत्य नारायण सेठ के समझ में आ गई। हमे भी सत्य नहीं छोडना है।

''सत्य पथ मत छोड, मन्जिल दूर हुई तो क्या हुआ''

जैन धर्म मुख्य रुप से चार पायों पर टिका है - अहिंसा, सत्य, ब्रह्म, और अचोर्य हमें भी अब सत्य ही बोलना है, झूठ बोलकर पाप नहीं बाँधना है, पुराने जमाने में सेठ लोग बही-खाते रखते थे, उन बही खातो की दिवाली पर पूजा करते थे, पूजा के पाने पर यह चिन्ह लिखा रहता था ७४=।

सात का अर्थ है सत्य को साथ रखो और सत्य है, तो आप की लक्ष्मी ४ से चौगुनी हो जायेगी, ौर दो लाईन सुख दुःख की रेखा है, इसे कोई नहीं टाल सकता।

सत्य मत छोडो नरा, लक्ष्मी चौगुनी होय।
सुख दुःख रेखा कर्म की टाल सके न कोई।।

Jain Food Available
kansar
KATHIYAWADI THALI RESTAURANT
Express Inn
www.expressinnindia.com
A Division of Shelar Properties Pvt. Ltd.
Add. Near Versave Bridge, Ghodbunder Road, VarsovaMira Bhayandar
Maharashtra - 401104, For booking & quaries Call on: +91-9821860060 / 7710060070
Advt.

जिओ तो ऐसे जिओ,
जी भर के जिओ;
कि हर लम्हा अपना हो,
हर लम्हे में अपने हों।

C.M.........
एक एहसास....

C. M. Gandhi and Family

KALYAN EDUCATION SOCIETY'S
SMT. KANTABEN CHANDULAL GANDHI ENGLISH SCHOOL

Advt.

Our humble effort to reciprocate the society

Smt. Kantaben Chandulal Gandhi
English School
Kalyan (Maharashtra)

Shri Manilal Kasturchand Gandhi
Secondary School
Tajpar (Botad - Gujarat)

Shri. Manilal Kasturchand Gandhi
Gujarati School
Kalyan (Maharashtra)

Smt. Kantaben C. Gandhi
Higher Secondary School
Tajpar (Botad - Gujarat)

Smt. Kantaben Chandulal Gandhi
Adivasi School
Karav (Maharashtra)

Shri Shailesh Chandulal Gandhi
College of Computer Technology
Botad (Gujarat)

Providing Opportunity of Education to the brilliant Minds that can CHANGE THE WORLD

Recently Build State-of-Art
C. M. GANDHI AUDITORIUM
at the School

Smt. K. C. Gandhi English School, R. P. Road, Bail Bazar, Kalyan, Maharashtra 421 301.

C. M. GANDHI CONSTRUCTION PVT. LTD. I KOMPRESS INDIA PVT. LTD.

सेन्ट्रल बैंक ऑफ़ इंडिया
Central Bank of India

1911 से आपके लिए "केंद्रित"

"CENTRAL" TO YOU SINCE 1911

સેન્ટ સ્વાભિમાન પ્લસ
સક્ષમ વાર્ષિકી યોજના
સહિત રિવર્સ મોર્ગેજ લોન

સેન્ટ્રલ બેંક ઓફ ઈંડીયા નિવૃત્તી બાદ વરિષ્ઠ નાગરિકોના સ્વાભિમાન અને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે સુવિધા પ્રદાન કરે છે.

નિવૃત્તીમય જીવન જીવનાર વરિષ્ઠ નાગરિક જેમની પાસે પોતાનું ઘર હોય અને તરલતા (લીક્વીડીટી) ની જરૂર હોય તેવાઓ માટે સેન્ટ્રલ બેંક ઓફ ઈંડીયા એક નાવિન્ય સભર ઉકેલ ઓફર કરે છે. આપને જાણીને આનંદ થશે કે **''સેન્ટ સ્વાભિમાન પ્લસ''** યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકો તેમના તથા તેમના પતિ/પત્નીની હયાતી દરમિયાન લોનની પરત ચૂકવણીની ચિંતા વગર ફિક્સ માસિક આવક મેળવશે, સાથે સાથે તેમની હયાતી સુધી તેઓ ઘરમાં પણ રહી શકશે.

- આ યોજના ૬૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો, જેઓ પોતાનો ફ્લેટ/ટેનામેન્ટ ધરાવતા હોય તેમના માટે વિશેષરીતે બનાવવામાં આવી છે - જેના થકી તેઓની નાણાંકીય જરૂરીયાતો પૂરી કરી શકાય.
- પરિણીત દંપતિ સંયુક્ત લેણદાર તરીકે યોગ્ય ગણાશે.
- મહત્તમ ધિરાણની કોઈ સિમા નથી.
- લેણદારની હયાતી દરમિયાન કોઈ પરત ચૂકવણી નહીં.
- એન્યુયીટી (વાર્ષિક) ની માટે લેણદારો માસિક/ત્રિમાસિક/અર્ધ વાર્ષિક કે વાર્ષિક પૈકી કોઈપણ એક વિકલ્પ પસંદ કરી શકે છે.
- વધુમાં વધુ રૂા. ૧૫ લાખની સામટી રકમનો વિકલ્પ ઉપલબ્ધ.
- કોઈ પણ પેનલ્ટી વિના પૂર્વ ચૂકવણી કરવાની સગવડ ઉપલબ્ધ.
- આ યોજનામાં પ્રથમ લેણદાર ની ઉંમર ૬૦ વર્ષની હોવી ફરજિયાત છે પરંતુ જો સ્પાઉસ (પતિ અથવા પત્ની જે લાગુ પડે તે) ની ઉંમર ઓછામાં ઓછી ૫૫ વર્ષની હોવી જરૂરી છે.

દા.ત. : જો વરિષ્ઠ નાગરિક ની ઉંમર ૭૨ વર્ષ હોય, તેમની મિલ્કતની કિંમત રૂા. ૧ કરોડ હોય, તેને રૂા. ૧૫ લાખ એક સામટી રકમ મળી શકે. અને રૂા. ૨૨૫૦૦/- દર મહિને જીવન પર્યંત એન્યુયીટી (વાર્ષિકી) તરીકે મળે. જો લેણદાર નું મૃત્યુ થાય તો ત્યાર પછી પણ તેના સ્પાઉસ (પતિ અથવા પત્ની જે લાગુ પડે) ને વાર્ષિક ની રકમ જીવન પર્યંત મળતી રહે.

સંપર્ક / Contact :
(M) 91 8291205755, 022-40345850, 022-22667557
www.centralbankofindia.co.in

Advt.

With Best Compliments from :

Nirav
TOURS & TRAVELS

DIAMOND Holidays
The Pleasure You Want...

● Air Ticket ● Car Booking ● Hotel Booking
● Flight Booking ● Bus Booking ● Package Tour ● Visa

Enjoy your Holiday at DUBAI with New Attractions

FEBRUARY - MARCH (Special Senior Citizen Tour) - APRIL

- Return Air Fare
- 3 Star Hotel Stay in Meena Bazar
- Dubai City Tour with Mono Rail
- Desert Safari with Belly Dance & BBQ Dinner
- Atlantis Aqua Venture & Lost Chambers
- Limousine Ride
- Abu Dhabi City tour
- IMG World of Adventure
- LEGOLAND Dubai
- Motion Gate (Hollywood Park)
- Bollywood Parks Dubai
- Dubai Mall, Fountain Show
- Burj Khalifa at Top General Entrance Ticket
- Miracle Garden
- Private Yacht Ride
- Snow Park + Emirates Mall
- Dubai Visa & OTB
- Hotel Tourism Dirham
- All Transfers by AC Vehicle PVT Basis
- Daily Buffet Breakfast
- Lunch & Dinner in Indian Restaurant
- Airport Return Transfers (Only Dubai Intl. Airport)

SPECIAL NOTE We make special FIT Packages on request

For more details : Nirav Shah - M.: +91 9004340080 | Ramesh J. Shah - M. : +91 99673 09982

Shop No. 14-C, Ambika Darshan Appt., Behind Bus Depot,
Chhitabhai Patel Road, Kandivali (East), Mumbai - 400 101, INDIA.
Tel. : +91 22 65889200 / 28868058 | E-mail : diamondntt@yahoo.com

Advt.

''ચિંતા સાત્વિક કે આસુરી ગુણ?''

ધીરૂભાઈ મીરાણી - ઘાટકોપર

૮મી નવેમ્બરના સાંજે મારા ઘરમાં આરામખુરશી પર બેસીને અખંડ આનંદ વાંચી રહ્યો હતો, ત્યારે લગભગ રાત્રે આઠ વાગ્યા આસપાસ મારી નાની દિકરી ઉર્વીનો ફોન આવ્યો, ''પપ્પા ટી.વી. ચાલુ કરો, સમાચાર સાંભળો'' હું તેને વધારે કંઈ પૂછું તે પહેલાં તેણે ફોન કાપી નાંખ્યો. ટી.વી. ચાલુ કર્યું તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રને સંબોધન કરી રહ્યા હતા, ''રૂા. ૫૦૦ તથા રૂા. ૧૦૦૦ની નોટ મધરાતથી ચલણમાંથી રદ કરવામાં આવી છે.''

વડાપ્રધાનના આ અણધાર્યા પગલાંથી આખો દેશ સ્તબ્ધ થઈ ગયો. જેના ઘરમાં તથા લોકરમાં ૫૦૦/ ૧૦૦૦ની થપ્પી હતી. તે બધાંની ઉંઘ હરામ થઈ ગઈ. બધાં ચિંતાગ્રસ્ત થઈ ગયા. હવે શું? એ યક્ષપ્રશ્ન નોટોની થપ્પી ધરાવનારા ચહેરા પર ચિતરાઈ ગયો.

થોડીવાર સમાચારની પિષ્ટપિંજણ સાંભળીને મારૂં વાંચન પૂરૂં કરીને રાબેતા મુજબ રાતના દસ વાગે સૂઈ ગયો. લગભગ સાડા દસે મારી પુત્રીએ ફરી ફોન કર્યો તો મારા પત્નીએ ઉપાડ્યો, તેણે પુત્રીને કહ્યું ''પપ્પા તો સૂઈ ગયા.'' મારી દિકરીને નવાઈ લાગી ''આખી, દુનિયા ઉચક મને જાગે છે અને કમાલ છે, મારા પપ્પા સૂઈ ગયા.'' મોટા ભાગના સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો રાતભર જાગતા રહ્યા સતત સમાચાર સાંભળતા રહ્યા, ઘરમાં તથા લોકરમાં કેટલા રૂપિયા છે તે ગણતા રહ્યા. મારા પત્ની પણ પોતાની સાડીની થપ્પીઓમાંથી ઘરખર્ચામાંથી બચાવેલી બચતને શોધતા રહ્યા. સવારે ચા પીધા બાદ તેમણે ધડાકો કર્યો ''મારી પાસે લગભગ રૂા. ૬૦૦૦૦ જેવી રકમ ૫૦૦-૧૦૦૦ની નોટોમાં છે.'' તે સિવાય નાની નાની નોટો કેટલી છે, તે જણાવ્યું નહીં. મને નવાઈ લાગી હજી તો સાત દિવસ પહેલાં કામવાળી તથા કરીયાણાવાળાને પૈસા ચૂકવવા માટે મારી પાસે તેણે પઠાણી ઉઘરાણી કરી હતી ''ઘરમાં એક પૈસો નથી, હમણાં સાઉથમાં ફરવા ગયા ત્યારે મારા પાંચ હજાર વપરાઈ ગયા, હવે આ ચૂકવણા કરવા માટે તથા ઘરખર્ચી માટે દસ હજાર આપો''. અને આજે રૂા.૬૦,૦૦૦/ -ની રકમ મારી સામે ધરી દીધી.

વડાપ્રધાનની કાળા નાણાં સામેની સર્જીકલ સ્ટ્રાઈક મને તો ફળદાયી નીવડી.

પહેલી વખત અમીરોને ચિંતાગ્રસ્ત જોયા અને ગરીબોને ચિંતામુક્ત જોયા. ચિંતા કોને કહેવાય તેનો અનુભવ કેટલાય બાપકમાઈવાળા નબીરાઓને જીવનમાં પહેલી વાર થયો હશે.

ગરીબોને મોટા ભાગે ચિંતા હોય કે સવારના એક ટંક તો જમી લીધું, સાંજના ભૂખ લાગશે તો શું ખાશું? અને અમીરોને ચિંતા હોય કે આટલી બધી વાનગીઓ પડી છે, પણ ભૂખ નથી લાગતી કઈ દવા ખાઈએ તો ભૂખ ઉઘડે? ચિંતાનું આ ચક્ર રાતોરાત બદલાઈ ગયું.

આસપાસનો માહોલ તથા રઘવાયા લોકોની ચિંતા અને દોડાદોડી જોઈને એક શ્લોક યાદ આવ્યો.

शोको नाश्यते धैर्यम्, शोको नाश्यते श्रुतम्।
शोको नाश्यते सर्वम्, नास्ति शोक समो रिपुः।।

શોક અને ચિંતા ધૈર્યને નષ્ટ કરે છે, શોક અને ચિંતા જ્ઞાનને નષ્ટ કરે છે, શોક અને ચિંતા સર્વસ્વનો નાશ કરે છે, તેથી શોક અને ચિંતા સમાન કોઈ દુશ્મન નથી.

ચિંતાને ચિતા સમાન લેખવામાં આવી છે. ચિતામાં અગ્નિથી શરીર બળે અથવા દઝાડે. મનમાં સતત ચિંતા મનને અસ્થિર કરે, સતત વિચારો આવ્યા કરે અને તેના કારણે માનસિક તથા શારીરીક સંતુલન ખોરવાઈ જાય.

ઘણી વખત અકારણ ચિંતા થાય તો ઘણી વખત અતિ પ્રેમ અને વાત્સલ્યના કારણે મનમાં ચિંતાની લાગણી ઉદ્‌ભવે. પુત્ર સ્કુલમાંથી મોડો આવે તો મા સતત વિચારો કરે, કેમ મોડું થયું હશે? પછી પોતે જ મનને મનાવે, ટ્રાફીકમાં ફસાયો હશે. વધુ વાર થાય તો તરત અનિષ્ટ વિચારોનો મારો ચાલુ થાય ક્યાંક અકસ્માત તો નહીં થયો હોય ને? બાલ્કની તથા બારીમાં નજર નાંખીને સતત પ્રાર્થના કરતી રહે. કેટલીક ઉતાવળી માતાઓ તો માતાજીને પાંચ દિવા અથવા શ્રીફળ વધારવાની બાધા પણ માની લે. પેલી તરફ હવે થોડો મોટો થઈ ગયેલો પુત્ર આ બધાથી અજાણ મિત્રો સાથે મસ્તી મજાક

કરી રહ્યો હોય. ઘરે આવીને માતાની ચિંતાની વાત સાંભળીને તરત તાડુકે ''હવે હું કંઈ નાનો નથી, આવા વેવલાવેડા ન કરવા.'' માતાની લાગણીને એક ઝટકે ઉડાડીને પોતાના રૂમમાં જતો રહે. મોબાઈલ ફોન તો હવે આવ્યા, અને મોબાઈલ ફોનના આ યુગમાં પણ ફોન સતત સ્વીચ ઓફ આવે કે સતત ઘંટડી વાગે તો તરત જ સાચા ખોટા વિચારોની ચિંતા ચાલુ થઈ જાય.

પંદર વીસ વર્ષ પહેલાં મસ્જીદ બંદરથી ઘાટકોપર સાંજે આવતો, એ વખતે ૮૫-૯૦ વર્ષના માજી પ્લેટફોર્મ નં. ૧ના બહાર નીકળવાના દરવાજે ઉભા રહેતા. થોડા વાંકા વળેલા, હાથમાં લાકડી લઈને જેટલા ઓળખીતા નીકળે બધાંને પૂછે ''મારા બળુને જોયો? રોજ સાત વાગે આવી જાય છે, આજે સવા સાત થયા.'' લગભગ પંદર વીસ મીનીટમાં ૬૦ વર્ષનો બળુ (બળવંતરાય) ટ્રેનમાંથી ઉતરે, માજીને પગે લાગે, માતાને મોડું થવાનું કારણ સમજાવે અને મા-દિકરો હળવે હળવે સ્ટેશન પાસેની સેનેટોરીયમ લેનમાં પોતાના ઘરે જાય. મા-પુત્રની આ અજબ જોડી વંદન કરવા યોગ્ય હતી. હું એ બળવંતભાઈને ઓળખું. બળીયાકાકા તરીકે એ નાણાંની દલાલી કરતા. એક વખતે મેં પૂછ્યું ''તમે આટલા મોટા થયા છતાં મા આટલી મોટી ઉંમરે સ્ટેશન આવીને ઉભા રહે, તમારી સતત ચિંતા કરે, અને બધાંને પૂછપરછ કરે તો તમને ખરાબ નથી લાગતું? મારાથી ઉંમરમાં મોટા બળવંતભાઈ મને કહે ''ખરાબ શું લાગે? મારી મા છે, તેને મન તો હું હજી નાનો બળુ છું. હું મારી માનો એક જ પુત્ર. બીજા ભાઈબહેનો નાનપણમાં જ મૃત્યુ પામ્યા, એટલે માને નાનપણથી જ મારી ચિંતા અને મોટી ઉંમરે તે ચિંતા માનસિક થઈ ગઈ છે. બને ત્યાં સુધી બધાં કામ પડતા મૂકીને ઘરે સાત પહેલાં પહોંચી જાઉં, પણ ધંધાનો પ્રકાર એવો છે કે ક્યારેક ઉઘરાણીમાં મોડું થાય, ત્યારે પૈસાના બદલે મને પણ, સતત મારી માતાનું મોઢું દેખાય.'' મા-પુત્રને પરસ્પર થતી ચિંતાની આ લાગણી પ્રેમ અને વાત્સલ્યની પરાકાષ્ઠા હતી. આજે પણ સેનેટોરીયમ લેનમાં તેમના ઘર પાસેથી પસાર થાઉં તો ભણકારા વાગે ''મારા બળુને જોયો?''

ઘણી વખત આસુરી વૃત્તિવાળાને પોતે કરેલા ખોટા કામ પકડાઈ તો નહીં જાય ને તેની ચિંતા રહે. બહારથી ધાર્મિક દેખાતા, સમાજ સેવાનો ડોળ કરનારા કેટલાય મહાનુભાવો સમાજ પાસે સહાય માગંવા આવનાર અબળાઓનું શોષણ આજે પણ કરે છે, તેવી બહેન-દીકરીઓનું શોષણ કરવામાં તેમને પાપની લાગણી થતી નથી, પણ ક્યાંક કોઈને ખબર તો નહીં પડી જાય ને? સમાજમાં મારું સ્થાન ડોલશે તો નહીં ને? તેની આસુરી ચિંતા તેમને સતત રહેતી હોય છે.

નરેન્દ્રભાઈ મોદીએ કાળા ધન સામે હજી હમણાં ઝુંબેશ ઉપાડી પરંતુ ભગવાન શ્રીકૃષ્ણને તો પાંચ હજાર વર્ષ પહેલાં આવા ધનનો ખ્યાલ હતો. શ્રીમદ્‌ભગવદગીતાના સોળમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ સ્વમુખે કહે છે.

चिन्ताम् अपरिमेयाम् च प्रलयान्तामुपाश्रिताः।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः।।
आशापाशशतैर्बध्धाः कामक्रोधपरायणः।
इहन्ते कामभोगार्थम् अन्यायेन अर्थ संचयान्।।

આસુરી વૃત્તિના મનુષ્યોને લાગે છે કે ઇંદ્રીયોની તૃપ્તિ એ જ માનવની મુખ્ય જરૂરીયાત છે. તેથી અંતકાળ સુધી તેમને અપાર ચિંતા રહે છે. પોતાની ભોગ લાલસા પૂર્ણ કરવાની ચિંતાઓની જાળમાં બંધાયેલા રહીને તેઓ કામવાસના અને ક્રોધમાં ડૂબેલા રહીને ઈન્દ્રીય તૃપ્તિ માટે અનૈતિક સાધનો દ્વારા ધનસંગ્રહ કરે છે.

ત્યાર પછીના શ્લોકોમાં પણ ઘણી સુંદર વાતો છે, પરંતુ છેલ્લે કહે છે.

अनेक चित्तविभ्रान्ता मोहजालसमावृत्ताः।
प्रसक्ता कामभोगेषु पतन्ति नरके अशुचौ।।

આ પ્રમાણે વિવિધ ચિંતાઓથી ઉદ્વિગ્ન થયેલા અને મોહજાળના બંધનમાં ફસાયેલા તેઓ ઈન્દ્રીયભોગમાં આસક્ત બને છે અને નરકમાં પડે છે.

મહાભારતના તે સમયમાં પણ આજે છે તેવા ઢોંગી સમાજસેવકો અને પોતાને રાષ્ટ્રસેવક કહેવડાવતા નીચ વૃત્તિના રાજકારણીઓ હશે તેવું લાગે છે.

અત્યારે પણ હરેક પક્ષના રાજકારણીઓ, નેતાઓ તથા સરકારી અધિકારીઓએ સાત નહીં પણ ઓગણપચાસ પેઢી ચાલે તેટલું ધન અનૈતિક રીતે ભેગું કર્યું છે. તેમને અત્યારે એક જ ચિંતા છે આ ધનને કેવી રીતે ઠેકાણે પાડવું અને એટલે જ પ્રજાની હાડમારીની ચિંતા હોય તેવો દેખાવ કરીને આ બધાં પાખંડીઓ પ્રજાને ગેરમાર્ગે દોરીને તોફાન કરાવવાની ફિરાકમાં છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે તે મુજબ આ બધાં નરકમાં જશે ખરા?

અલ્પ અને નિખાલસ ક્રોધ પોઝિટિવ ફોર્સ બની શકે છે

નાનુભાઈ સંઘવી

'ક્રોધ, રોષ. ગુસ્સો કરવા જેવો નથી.' તે સંપૂર્ણ સત્ય છે. દરેક ધર્મોને તે માન્ય છે. ક્રોધ માણસને સમાજ અને રાષ્ટ્રને ઘણી રીતે નુકસાન પમાડી શકે છે. એકવાર ક્રોધ કરનારને તેર નુકસાન અને સહન કરનારની સહનશક્તિ દસગણી વધે છે, પરંતુ સમય, વ્યક્તિ અને સંજોગ અનુસાર થાય. જો નિખાલસરૂપે અને અલ્પ રોષ કે ગુસ્સો કરવામાં આવે તો તે સકારાત્મક (પૉઝિટિવ) પરિણામ આપે છે. તે આપણે ઘણી વાર વ્યવહાર જીવનમાં અનુભવીએ છીએ.

એક વાર એક સંત વ્યાખ્યાનમાં ક્રોધ ઉપર જ પ્રવચન આપતા હતા. તે સમયે સભામાં કોઈ કારણસર થોડો અવાજ આવવાથી કોલાહલ જેવું થઈ ગયું, ત્યારે તે સંતે પોતાનું પ્રવચન અટકાવી થોડા મોટેથી બોલી (એક મનનો અલ્પ ગુસ્સો!) સભાજનોને થોડો ઠપકો આપ્યો. સભામાં સન્નાટો છવાઈ ગયો અને તરત બધું શાંત થઈ ગયું, અને પ્રવચન આગળ ચાલ્યું. આમ આ સંતના રોષનું પરિણામ સકારાત્મક આવ્યું.

મા તેના બાળકને ખવરાવવા માટે કે માંદગીમાં દવા પાવા માટે ગુસ્સો કરે છે, અને દવા પાવા માટે હાથ-પગને પણ જકડી રાખે છે. બાળક ઉપર ગુસ્સો ને બળનો ઉપયોગ પણ કરે છે. આવો ગુસ્સો કરવાનું કારણ બાળકને સાજો કરવા માટે હોય છે. જો આવું ન કરે તો બાળક સાજું થાય નહિ. આ ગુસ્સો પાછળ માનું મમત્વ છુપાયેલું હોય છે. આ ગુસ્સો બાળક માટે પૉઝિટિવ ફોર્સ બને છે. કુટુંબની કોઈ વ્યક્તિ સ્વચ્છંદ બની કુટુંબને લાંછન લાગે તેવું વર્તન કરે, તો ઘરનો ડાહ્યો વડીલ તેને મીઠો ઠપકો આપે છે અને તે ન માને તો તેના ઉપર ક્રોધ કરી શિક્ષા પણ કરે છે. આવું જ ધર્મ કે સંપ્રદાયમાં શિષ્ય અવિનીત બને તો ગુરુને પણ ગુસ્સા સાથે શિષ્ય ઉપર આકરાં પગલાં ભરવાં પડે છે. ગુનેગાર ઉપર ન્યાયાધીશ કે પોલીસને પણ સખત બનવું પડે છે. જો આવા સમયે ગુસ્સા કે ક્રોધ કરી આકરા પગલાં ન ભરે, તો કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની વ્યવસ્થા બગડી જાય છે, પરિણામો ખરાબ ભોગવવાં પડે છે. ઉપરનાં દરેક બનાવોમાં ગુસ્સો અને કઠોરતા અનિવાર્ય બની જાય છે, પણ આવો ક્રોધ કરવા પાછળનો હેતુ શુદ્ધ, સાત્ત્વિક અને નિખાલસ હોવો જોઈએ. આવા બનાવોમા ક્રોધ નહિ કરવા ની અને શાંત બનીને મૌન પ્રેક્ષક તરીકે જોવાની સલાહ હિતભરેલી નથી. સામી વ્યક્તિના હિત અને ભલાઈ માટે નિખાલસ અને અલ્પ ક્રોધ કરવો પડે, તેમાં જ શ્રેય છે. ભીષ્મપિતામહની જેમ કૌરવોની સભામાં શાંત પ્રેક્ષક તરીકે બેસીને જોયા કરવાથી મહાભારતનું સર્જન થયું. ત્યાં ક્રોધ અનિવાર્ય હતો. ક્રોધ કર્યા પછી તેને મનમાં સંઘરી રાખવો તે ક્રોધનું માઠું પરિણામ છે. ક્રોધ કરનાર માણસે જે-તે વ્યક્તિ પર ક્રોધ કર્યો હોય તેના પ્રત્યે કૂણું વલણ તેમ જ કરુણા રાખવી પડે તો જ ક્રોધનું સકારાત્મક પરિણામ આવે. આમ સાચો રોષ કે ગુસ્સો અદ્‌ભુત પરિણામ પણ આપે છે. એરિસ્ટોટલ નામના ફિલસૂફે પણ આવું જ કહ્યું છે કે - ''માનવી ખરી ઘડીએ અને ખરા મોકે જરૂરી હોય ત્યારે ગુસ્સો કરે તે સારા માટે છે.'' મુંબઈના બુઝર્ગ મનોવિજ્ઞાની ડૉ. પુલીન લાકડાવાળાએ પણ કહ્યું છે કે - ''માનવી રોષમાં હોય ત્યારે અદ્‌ભુત કામોકરી બેસે છે.'' જેમ ગુસ્સાને નૅગેટિવ ફોર્સ તરીકે જોવામાં આવે છે, ત્યારે બીજી બાજુ એ પણ છે કે માણસે પોતાનું આત્મસન્માન, આબરુ જાળવવા રોષ કે ગુસ્સો કરવો પડે છે. ડૉ. મેલી એડમોન્જ નામના મનોવિજ્ઞાનીએ લખ્યું છે કે - 'ખરા સમયનો ક્રોધ એ તમારો પોલીસમેન કે ફોજદાર બની તમને થાત અન્યાયનો રક્ષક પણ બને છે. ક્રાંતિવીરોની ફોજ એ જબ્બર ગુસ્સાનું પરિણામ છે, જે અદ્‌ભુત ક્રાંતિ સર્જી શકે છે. ડહાપણ ભરેલો ગુસ્સો છત્રપતિ શિવાજી કે ઝાંસીની રાણી બનાવી શકે છે.'

ડહાપણ, વિવેકભર્યો નિખાલસ અને અલ્પ ગુસ્સો જ હકારાત્મક પરિણામ લાવી શકે છે; બાકી અહંકારિત, વિષયી અને ગાંડો ગુસ્સો રાવણ જેવું સર્વવિનાશકારી પરિણામ નોંતરે છે.

બાકી હમણાં ક્રોધ કરવો નહિ, કોઈ પણ સંજોગોમાં શાંત બની સહન કર્યા જ જવું તેમાં જ ફાયદો છે. એવાં પ્રવચનો અને સલાહ આપવામાં આવે છે તે વ્યવહારિક જીવનમાં ઉચિત લાગતું નથી.

તો

■ દિવ્યા ભાનુશાલી -

ઘણાં માણસોને ભગવાન માટે શિકાયત હોય છે કે ભગવાન એમની ઈચ્છા પૂરી નથી કરતા. ભગવાન પાસે માંગ્યું પણ ભગવાને ન આપ્યું અને પોતાની મહેનત પર વિશ્વાસ ન મુકતા હિંમત હારીને નિરાશથી ઘેરાઈને ડિપ્રેશનમાં ચાલ્યા જતા હોય છે. પણ એક મિનિટ માટે વિચારો અગર.... અગર ભગવાન એક દિવસ ખુશ થઈને બધાને તથાસ્તુ કહી દે તો?? તો શું? જરા વિચારો... વિચારો વિચારો ...

અગર બધા ડૉક્ટર એવું ઈચ્છે કે આજે એક દિવસમાં હજારો લાખો કમાવીએ, અમારી હોસ્પિટલનું એક પણ બેડ ખાલી ન રહે તો? તો શું?

અગર દુનિયાના બધા વકીલ ઈચ્છે કે આજે અમે જ કેશ જીતીએ તો? તો શું? અગર સ્મશાનમાં માણસો ને બાળવા વાળો ડાઘુ એવું ઈચ્છે કે આજે એક દિવસમાં કમ સે કમ મારા ૨૫ ટ્રક લાકડાના વેચાય તો?

અગર રાજકરણમાં બધા જ નેતાઓ એવું ઈચ્છે કે બેઠા બેઠા વગર મહેનતે અમારી તિજોરી રૂપિયા ડોલરથી ભરાઈ જાય તો? તો શું?

આજે સામાન્ય માણસ અને વેપારીઓની આડા અવળા ટેક્સ ભરી ભરીને કમર તૂટી જાય છે પણ સરકાર એવું ઈચ્છે કે અમારી બજેટ ફાઈલમાંથી રોજ રોજ નવા નુસ્ખા નીકળે તો? તો શું?

અગર દરેક માં બાપ બાળકને જન્મ આપતી વખતે એવું ઈચ્છે કે અમારે ઘરે છોકરો જ આવે ને અમારો વારસો સંભાળે તો? તો શું??

દરેક સાસરાવાળા એવું ઈચ્છે કે આવનારી વહુ સોના, ચાંદી, બંગલા ગાડી લાવે તો? અને દરેક બાળકો મોટા થઈને જિંદગી એટલે ખાવું પીવું ને ઍશ કરવું. એવું વિચારી અથવા સાસુ-વહુના ઝઘડાને રોજ રોજની કટકટ માની મા-બાપને અનાથ આશ્રમમાં મૂકી આવવાનું ઈચ્છે તો?

વિચારવા બેસીએ તો આવા ઘણા સવાલો છે. એ વિચારવું જ જોઈએ કારણ કોલસાની ખાણમાંથી હીરા નીકળતા હોય છે.

આજનો માણસ ભગવાનને બે ફૂલ ચડાવીને આખો બગીચો માંગી લેતો હોય છે. રહી વાત સવાલોની તો આ સવાલો ના જવાબ બધાની પાસે હોય જ છે પણ જરૂર છે મંથન કરવાની. અને એક જવાબ એ પણ છે કે દરેકને પોતાની યોગ્યતા અને કર્મ પ્રમાણે જ બધું મળતું હોય છે.

સ્વાર્થી મનુષ્ય ભગવાન પાસે માંગતા એ વિચારતો નથી કે મારા એકલાના ફાયદા પાછળ મારી એક ઈચ્છા પાછળ કેટલાકનું નુકશાન થાય છે. બિચારા ભગવાનને તો વિચારવું જ પડે ને?

પણ પણ પણ એટલું ટેન્શન પણ નહિ લેવાનું આ ભારત દેશ છે, આ દેશમાં તો ભગવાને જન્મ લીધો છે, આ સાધુ સંતોનો અને વીર પરાક્રમીઓનો દેશ છે, જેમ સિક્કાની બે બાજુ હોય છે, તેમ સારું એ સાચું ઈચ્છવાવાળા પણ ઘણા છે, આપણા દેશના સંતો હંમેશા એવું ઈચ્છે છે કે દરેક માનવી પરોપકારી બને જેથી બધામાં એકબીજાને મદદ કરવાની ભાવના આવે, દરેક મનુષ્ય પુરુષાર્થ કરે આગળ વધે અને બીજાનો માર્ગદર્શક બને. દરેક મનુષ્ય જીવદયાનું માર્ગ અપનાવે. નાનામાં નાના જીવની રક્ષા કરે. યુગોથી ફક્ત મનુષ્યોને જ નહિ પણ સંતોએ તો ભગવાન ને પણ માર્ગદર્શન આપ્યું છે. સંતો તો ભગવાનના વહાલા છે, એટલે જ્યારે પણ ભગવાન પ્રત્યે અહોભાવ જાગે ત્યારે સંતોના શરણે જવું (હા પણ સાચા સંત, ધુતારા ઢોંગી, બાબા નહિ), હિંમત હારવાને બદલે ખોટા વિચાર કરવાને બદલે પોતપોતાને થોડો સમય આપો ને વિચારોનું મંથન કરો, અનુભવી વ્યક્તિઓ સાથે ચર્ચા કરો. પોતાના સવાલોના જવાબ પોતાનું મન અને આત્મા જ આપશે, તમારા આધીન વ્યક્તિઓનો વિચાર કરો. અને ખાસ વાત કે ભરપૂર મહેનત કરો.

મહેનત કરવાથી વગર નસીબે પણ ભગવાન આપી દેતા હોય છે, ભગવાન કરતા પોતાની જાત પર વિશ્વાસ રાખો અને આગળ વધો.

અત્યારે મારો ખરાબ સમય ચાલે છે

■ કૃષ્ણકાંત ઉનડકટ - અમદાવાદ

રસ પડે છે
ક્યાં કોઈ પણ ચીજમાં, ધ્યાન મારું
જ્યાં સતત તાવીજમાં,
વાવણી આરંભી
દીધી કઈ રીતે? શું કશું
દેખાયું તમને બીજમાં?

-એસ. એસ.રાહી

પાનખર માટે વૃક્ષ ક્યારેય સમયને દોષ આપતું નથી. ઓટ હોય ત્યારે દરિયો ક્યારેય એમ કહેતો નથી કે ટાઈમ અત્યારે મારી ફેવરમાં નથી. કાળઝાળ ગરમી વખતે ધરતી ક્યારેય ફરિયાદ કરતી નથી. છોડ પરથી ફૂલની એકાદ કળી ખરી પડી ત્યારે છોડ રોદણાં રડતું નથી. કોયલને ટહુકવા માટે ક્યારેય નરસો સમય નડતો નથી. આપણને? જરાકેય અમથું કંઈક આપણને ગમતું ન થાય એટલે તરત જ આપણે કહીએ છીએ કે અત્યારે મારો સમય સારો નથી. દોષનો ટોપલો ઢોળી દેવા માટે આપણી પાસે હાથવગાં બે સાધનો છે, એક સમય અને બીજું નસીબ.

સમય સમય હોય છે. સમય ક્યારેય ખરાબ કે સારો નથી હોતો. સમય તો જેવો હોય છે એવો જ હોય છે. આપણે આપણા સંજોગો, સ્થિતિ અને માનસિકતા મુજબ સમયના કપાળ ઉપર સારા કે ખરાબનું લેબલ લગાડી દેતા હોય છે. જેને પોતાના ઉપર ભરોસો હોતો નથી એ જ લોકો સમયને દોષ દેતા હોય છે. જિંદગીમાં અપ-ડાઉન્સ સ્વાભાવિક છે. દિવસ પછી રાત થાય જ છે, ભરતી પછી ઓટ આવે જ છે, વસંત પછી પાનખર પણ આવે છે. ઘડિયાળ પણ એ જ વાત સાબિત કરે છે કે સમય બદલતો રહેવાનો છે. આપણે ઘણી વખત જેને અંત માની લેતા હોઈએ છીએ એ કોઈ નવી શરૂઆત હોય છે.

સુખ ક્યારેય સમયનું મોહતાજ હોતું નથી. સુખ તો સ્વભાવ અને સહજભાવને વરેલું હોય છે. સમય ક્યારેય કોઈને કહેતો નથી કે અત્યારે તારે હસવાનું નથી. આ તારો રડવાનો સમય છે એવુંયે સમય કહેતો નથી. સમય કહે છે, હું તો જે છું એ જ છું. હા, તું જે હોવો જોઈએ એ તું નથી. તું તારી રીતે મારી વ્યાખ્યા કરી લે છે. મને શા માટે દોષ દે છે. તારે મજામાં રહેવું હોય તો હું ક્યાં ના પાડું છું? તારે દુઃખી રહેવું હોય તો પણ તારી મરજી! તને એવું લાગે છે ને કે હું સ્થિર નથી! હા, હું સ્થિર નથી! સ્થિર તો આ દુનિયામાં છે જ શું? પૃથ્વી ફરતી રહે છે, ગ્રહો બદલતા રહે છે, ઘડિયાળ ફરતી રહે છે, તારીખિયાનાં પાનાં ખરતાં રહે છે, શરીરમાં પણ પરિવર્તન થતાં રહે છે, બધું જ બદલતું હોય તો પછી હું સમય કેવી રીતે સ્થિર રહી શકું? હા, તું ધારે તો સ્થિર રહી શકે. તું શા માટે વિચલિત થાય છે. તું કેમ નથી સ્વીકારી શકતો કે ચડાવ-ઉતાર આવવાના જ છે.

આપણે હંમેશા એવું જ ઈચ્છતા હોઈએ છીએ કે આપણે ધાર્યું હોય એમ જ થાય. જિંદગી આપણા કંટ્રોલમાં હોય. હું ઈચ્છું એવું જ બધા કરે. મારી ઈચ્છાની વિરુદ્ધ કંઈ ન થાય. એવું થતું નથી. થવાનું પણ નથી. આપણાં દુઃખનું સૌથી મોટું કારણ એ હોય છે કે આપણે જરાયે વિપરીત સ્થિતિને સ્વીકારી શકતા નથી.

એક વખત એક બાળકે એના દાદાને પૂછ્યું કે, તમારી જિંદગીનો સમય કેવો રહ્યો? દાદાએ હસીને કહ્યું કે, બધા લોકોની જેવો જ! કોઈનો ક્યારેય એકસરખો થોડો રહ્યો છે કે મારો સમય એકસરખો રહે! દાદાએ કહ્યું કે તને મારી જિંદગીની એક વાત કહું. એક સમય

મંદી આવી. માર્કેટ એકદમ ડાઉન થઈ ગયું. વેપાર તો નહીં દિવસનો મોટો ભાગ નવરા બેસી રહેવું પડતું હતું. હું ડરી ગયો હતો. ડગી ગયો હતો. એવું લાગતું હતું કે બધું ખતમ થઈ જશે. થોડીક શાંતિ મળે એ માટે હું એક સંત પાસે ગયો.

એ સંત કાયમ પ્રસન્ન મુદ્રામાં જ હોય. સંતને કહ્યું કે, મંદીનો ડર લાગે છે. સંતે કહ્યું કે, ગઈકાલે આ જંગલમાં વાવાઝોડું આવ્યું હતું. મને હતું કે મારી ઝુંપડી ઊડી જશે. ઝુંપડીમાંથી કંઈ નહી બચે. મેં વિચાર કર્યો કે ચિંતા કરવાથી તે કંઈ થવાનું નથી. જે જવાનું છે એ જવાનું જ છે. જે મારા હાથમાં નથી એનો શોક શું કરવો? વાવાઝોડાની રાત પસાર થઈ ગઈ. સવારે જોયું તો ઝૂંપડીનું એક છાપરું જ ઊડ્યું હતું. મને થયું કે આટલું તો હું કરી લઈશ. મેં ઝૂંપડીની ચિંતા કર્યે રાખી હોત તો મારો એ સમય બગડ્યો હોત. તું મંદીની ચિંતા છોડી દે. બજારની મંદી તો વહેલી મોડી બદલી જશે. મનની મંદીનું શું? આપણા તો મનમાં પણ તેજી અને મંદી આવતી રહે છે.

ઘડીકમાં ખુશ થઈ જવાનું અને ઘડીકમાં દુઃખી થઈ જવાનું. મનને મંદ પડવા ન દે. નુકસાન થઈ થઈને શું થવાનું છે? ગમે તે ખતમ થઈ જાય પછીયે જિંદગી તો હોય જ છે. જિંદગી ખતમ થઈ જાય પછી બીજું બધું હોય તો પણ શું ફરક પડે છે? પાગલખાનું એ જિંદગીથી હારેલા લોકોનું સ્થળ છે અને જેલ એ જિંદગી સામે બળવો કરનારાઓની જગ્યા છે. સંસાર સ્થિર લોકો માટેનું સ્થળ છે. તારી પાસે એવું ઘણું જ છે જે ક્યારેય ખતમ થવાનું નથી. એ છે તારી હિંમત અને તારો ઉત્સાહ. એને નબળાં પડવા ન દે. એ છે ત્યાં સુધી કંઈ જ ખતમ થવાનું નથી.

એક માણસની વાત છે. એની પાસે કંઈ જ ન હતું. સંઘર્ષો કરી કરીને એ સફળ થયો હતો. એક વખત તેના મિત્રએ કહ્યું કે, યાર તારી હિંમતને દાદ દેવી પડે. તારી હિંમતે જ તને સફળ બનાવ્યો છે. પેલા માણસે કહ્યું કે એના સિવાય મારી પાસે બીજું હતું પણ શું? હિંમત જ મારું સૌથી મોટું શસ્ત્ર હતું. સમય તો ઘણી વખત બાંયો ચડાવીને સામે આવી ગયો હતો. મેં મારી હિંમતનું શસ્ત્ર અજમાવીને તેને હંફાવ્યો. મારી પાસે જે હિંમત હતી, એ હિંમત તો બધા પાસે હોય જ છે. તકલીફ ત્યારે થાય છે જ્યારે માણસ એ હિંમત હારી જાય છે. તમારે જીતવું હોય તો તમારી હિંમતને હારવા ન દો.

સમય સામે ફરિયાદ ન કરો. સમયને ચેલેન્જ ફેંકો. સમયને કહો, મને તારો ડર નથી. તું તારી પ્રકૃતિ છોડતો નહીં, હું મારો મિજાજ ગુમાવીશ નહીં. આપણને ઘણી વખત એવું લાગતું હોય છે કે બધું ખતમ થઈ ગયું. અલબત્ત, એ આપણો ભ્રમ હોય છે. ખતમ થાય છે એ માત્ર એક સ્થિતિ હોય છે. અમુક સંજોગો એવા હોય છે જે બદલે છે અને થોડાક વિપરીત થાય છે. અમુક સંબંધો એવા હોય છે જે તૂટે છે. આપણે કહીએ છીએ કે કંઈ જ કાયમી નથી. આપણે પણ કાયમી નથી. બધું જ બદલે છે. કંઈ જ સ્થિર નથી, તો પછી આપણે એવી આશા કેમ રાખી શકીએ કે બધું જ એકસરખું રહે.

જરાક જુદી રીતે જોઈએ તો એમ પણ કહી શકાય કે બધું એકસરખું જ હોત તો જિંદગીનો આટલો રોમાંચ હોત ખરો? રાત પડતી જ ન હોત તો? ફૂલનું માધુર્ય એ ધીમેધીમે ખીલે છે એમાં જ છે. વરસાદ પછી ઝરણું જન્મે છે અને તડકામાં નદી પણ સુકાઈ જાય છે. સુખ પણ કાયમ રહેતું નથી તો દુઃખ પણ પરમેનન્ટ નથી. સમયને દોષ ન દો. અમુક સંજોગો થોડાક કપરા હોય છે, અમુક સ્થિતિ નાજુક હોય છે, એ પણ પસાર થઈ જ જવાના છે. તમારી હિંમતને ડગવા ન દો, તમારા ઉત્સાહને ઓસરવા ન દો. જિંદગી તો સુંદર જ છે, આપણે ડગી જતા હોઈએ છીએ. આપણે ડરી જતા હોઈએ છીએ.

છેલ્લો સીનઃ જિંદગી સામે હસશો તો એ હસશે, જિંદગી સામે રડશો તો એ પોક મૂકશે. જીંદગીનું રિએક્શન અલ્ટિમેટલી આપણા એક્શનનું જ રિફ્લેક્શન હોય છે.

ચડે પડે જીભ વડે જ માનવી

■ હરિશ શાંતિલાલ મહેતા

જીવનમાં ચડતી અને પડતીના અનેક કારણો અને પેટા કારણો, પરીસ્થીતી હશે પણ લગભગ મોટા ભાગમાં માણસ પોતાના બોલાયેલા શબ્દોથી જ પોતાની ચડતી અને પડતી કરતો રહ્યો છે. જીભ એક શરીરનું એવું અવયવ છે જેમાં હાડકું નથી હોતું અને તે હંમેશા જાહેરમાં નથી આવતી. મોં નામની બખોલમાં સંતાઈ જાય છે.

જીભ વડે બોલાયેલો શબ્દ ક્યારેક મોટો વિવાદ, ઝઘડો અરે યુદ્ધ પણ કરી બેસે છે. એ જ જીભ વડે બોલાયેલા ક્ષમાના બોલથી વિશ્વની સૌથી મોટી આફતો ટળી છે. ટાલિયાને કાંસકો વેચનારો કે કાશ્મીરમાં બરફ ગોળા વેચનારાઓ પોતાની જીભની મીઠાસથી ધંધો વ્યવસાય કરે છે. ઘણા વાણીચતુરો શબ્દની રમતોથી પોતાનું ટેકેદાર જૂથ રચે છે. આ બધી જ જીભની કમાલ છે. સામે પક્ષે પાંચ પાંડવોની પત્ની દ્રૌપદીના ટીકાત્મક વ્યંગબાણોના કારણે જ મહાભારતના યુદ્ધના મંડાણ થયા. આપણે ત્યાં એક સુંદર સુભાષિત છે.

ફાગા કાકું લેત હૈ, કોયલ કીનકુ દેત;
મધુર વાણી બોલકર, સબકા મન હર લેત.

આપણા ધર્મશાસ્ત્રો અને ધર્મગુરુઓએ સદાય મીઠી વાણીનો મર્મ સમજાવ્યો છે. અલબત આનો અર્થ સત્ય એ અસત્યના પર્યાય સાથે સંબંધ નથી જ. સત્ય પણ સ્પષ્ટ અને મધુર રીતે બોલી શકાય છે. આપણા માજી વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ સ્પષ્ટ, નીડર અને સત્યનિષ્ઠ વક્તા તરીકે જાણીતા હતા. પણ જીવનની પાછલી સંધ્યાએ આ લેખકની હાજરીમાં તેમણે એકરાર કર્યો હતો કે સાચું પણ જો સારી રીતે રજૂ કરી શકાય તો ઘણી સમસ્યાો ઉગતા પૂર્વે જ આથમી જાય છે. તેમને પોતે કરેલી સત્યની આરાધનામાં ભળેલી કટુતાનો ભારે રંજ હતો.

જીભ અર્થાત્ બોલીથી માનવી સામાજીક, ધાર્મિક અને કૌટુંબિક સ્તરે મોટી સિદ્ધીઓ અને માન મેળવી શકે છે. ઘણીવાર એવા પ્રસંગો આવે છે કે જીભ ને મોંની બખોલમાં રહેવા દેવી જરૂરી બની જાય છે. મૌન એ ઘણા અનર્થોની ટાળતી સાધના છે. એકબીજાને પ્રેમથી જીતવા જીભ હાથવગું હથિયાર છે. મનુસ્મૃતિમાં એક સુંદર શ્લોક છે. જીભનો વપરાશ કેવી રીતે કરવો તે સુપેરે સમજાવે છે.

સત્યં. શ્રુયાંત્પ્રિયં, બ્રયાત્ બૃયાત્સત્યમપ્રિયમ્
પ્રિયં ચ નાનૃતં બૃયાદેષ ધર્મઃ સનાતન।।

સત્ય બોલો, પ્રિય બોલો, પણ અપ્રિય સત્ય ના બોલો, પ્રિય હોવા છતાં પણ મિથ્યા ન બોલો તે જ સનાતન ધર્મ છે.

જીભ માત્ર વાણીવિલાસના ઉપયોગ માટે જ નથી. જીભથી રસ જાણીને ખોરાકને જઠર સુધી જવાનો માર્ગ મળે છે. અહીં પણ જીભનો યોગ્ય અથવા અયોગ્ય ઉપયોગ વ્યક્તિના સ્વાસ્થ ઉપર થાય છે. ગુલામ રબાનીએ જીભના ઉપયોગ વિશે ખૂબ જ સુંદર કહ્યું છે. ''અપને કાતિલ આપ હૈ, અપને મસીહા ભી આપ હી હૈ.'' માનવી પોતાની જીવનની ઘટમાળ પોતાની મેળે જ ઘડે છે અને તેમાં શરીરના અન્ય અંગો કરતાં જીભનું મહત્વ ઘણું છે.

અકબરના દરબારમાં નવ રસ્તો એમાંના એક હતા રમીમ ખાનખાના. તેમણે જીવનમાં ઉપયોગી એવી ઘણી બાબતો બે બે લીટીના દોહાઓમાં વર્ણવી છે.

રહીમન્ જીહવા બાવરી
કહ ગઈ સુરગ (સ્વર્ગ) પાતાલ
ખુદ તો ભીતર જાય છૂપી
ઔર જુતે ખાય કપાલ

જીભ જ તમને સ્વર્ગ કે પાતાળ બતાવી દેશે. પોતે તો બોલીને મોંની બખોલમાં છૂપાઈ જશે પણ માર કપાળને ખાવો પડશે. જીભ જેટલી છેતરામણી શરીરની કોઈપણ ઈન્દ્રિય નથી.

આફત આવ્યા પહેલાં ચિંતા શા માટે ?

મોહમ્મદ માંકડ

આ મહિનામાં, આ તારીખે અત્યારે તમે આ લેખ વાંચી રહ્યા છો. પરંતુ ગયા વર્ષે આ મહિનામાં આ તારીખે આ સમયે તમે શું કરતા હતા તે કહી શકશો? મોટા ભાગે નહીં કહી શકો, અરે, ચોક્કસ નહીં કહી શકો. એ જ રીતે આવતા વર્ષે આ મહિનાની આ તારીખે તમે શું કરતા હશો તે ચોક્કસપણે કહી શકશો? નહીં કહી શકો. આમ છતાં, દરેક માણસ જીવનનિર્વાહ માટે આવતી કાલની ચિંતા, આવતા મહિનાની, અને ઘણા તો પાંચ-દસ વરસની પણ ચિંતા કરે છે. ઉંમર વધવા સાથે બુઢાપાની ચિંતા પણ કરે છે. જે રસ્તા વિષે માણસ કશું જ જાણતો નથી એના વિષે માત્ર કલ્પનાઓ કરવાથી શું ફાયદો?

પરંતુ જીવનની આ બે બાબતો એવી છે કે માણસ એની ચિંતા કર્યા જ કરે છે. એક ડાહ્યા માણસે એટલે જ કહ્યું છે કે જે માણસ આવી ચિંતા કરે છે એ નદીએ પહોંચ્યા પહેલાં જ જોડાં કાઢી નાખવાની ચેષ્ટા કરી છે. પાણીમાં ઉતરવાની વાત તો દૂર રહી.

સરકારી નોકર માટે સરકાર પગારધોરણ નક્કી કરી આપે છે. પેન્શન, ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ નક્કી કરી આપે છે. કામ કરવાના કલાક અને પેન્શન લેવાની ઉંમર અને રજાઓ નક્કી કરી આપે છે, છતાં આટલી બધી અનિશ્ચિતતાઓ બાકી રહે છે. જે બાબતમાં કોઈ સરકાર, કોઈ પેઢી કે શેઠ કશું નક્કી કરી શકતાં નથી. નોકર માટે પગારધોરણ નક્કી થઈ શકે પણ અમુક વર્ષે અમુક સમયે નાણાંની કે રૂપિયાની કિંમત કેટલી રહેશે એ કોણ નક્કી કરી શકે? અને એટલે ખરા પગારનું ધોરણ કઈ રીતે નક્કી થઈ શકે? એના ઉકેલ માટે મોંઘવારી ભથ્થું ઉમેરી શકાય પણ મોંઘવારી ભથ્થું હંમેશાં મોંઘવારી વધ્યા પછી ઉમેરાય છે અને તે માત્ર મોંઘવારીમાં ઉમેરો કરવા માટે જ કારણભૂત બને છે. એટલે કે, આવતી કાલને કોઈ ધોરણ કે ચોકઠામાં આપણે બાંધી શકતા નથી, અને જેને સરકાર કે સમાજ ન બાંધી શકે તેને બાંધવાની નિરર્થક ચેષ્ટા વ્યક્તિએ શા માટે કરવી જોઈએ? અને જે લોકો એવું કરે છે એ મૂડી લીધા પહેલાં જ વ્યાજ ભરવા માંડે છે.

આફત આવ્યા પહેલાં જ ડરવા લાગે છે, અને ડરવાથી આફત દૂર થઈ શકતી નથી. ચિંતાથી માણસ ભાવિ માટે એવી એવી યોજનાઓ બનાવ્યા કરે છે કે અમલ કરવાના બદલે ચિંતા કરવામાં જ તેમનો સમય વેડફાઈ જાય છે.

કાઠિયાવાડી બોલીમાં એક કહેવત છે કે 'કારતક મહિને કણબી ડાહ્યો.' આમાં માણસની યોજનાઓની નિરર્થકતા વ્યક્ત થાય છે. ચોમાસું વીતી જાય ત્યારે ખેડૂતો ચર્ચા કરે છેઃ 'આ વરસે બાજરાને બદલે કપાસ વાવ્યો હોત તો રંગ રહી જાત!' બીજા વર્ષે એમને લાગે છે કે, આ વરસે બહુ ઓછો વરસાદ પડ્યો. જો બાજરો વાવ્યો હોત તો પાકી છૂટત!' અને ત્રીજા, વર્ષે, 'અમે તો પહેલેથી જ કહેતા હતા, આ મોહનભાઈનો માન્યા. મગફળી વાવી હોત તો મજા થઈ જાત!' કારતક મહિનામાં ખેડૂતોને બધી ભૂલો ચોખ્ખીચટ સમજાય છે પણ આવતા વર્ષે શું વાવવું એ કોઈને સૂઝતું નથી, કારણ કે એની કોઈને ખબર પડતી નથી.

અને જે અજાણ્યું છે, અકળ છે એના વિષે ચોક્કસાઈપૂર્વક યોજના કે ચિંતા કરવાથી કશું વળતું

નથી. જેવી ખોટી ચિંતા માણસ કમાવા માટે કરે છે એવી જ નકામી ચિંતા ઉંમર વધવા સાથે બુઢાપા બાબતમાં કરે છે. બુઢાપાની ચિંતા માણસ પોતાની આસપાસના વૃદ્ધ માણસોની જે હાલત જુએ છે તેને કારણે થાય છે. આ ચિંતા પણ કમાવાની ચિંતા જેવી જ છે કારણ કે, કમાવાની ચિંતા કરવાથી કમાણી વધતી નથી, એ જ રીતે બુઢાપાની ચિંતાથી બુઢાપાને રોકી શકાતો નથી. શારીરિક રીતે વૃદ્ધ બનતાં પહેલાં માણસ અંદરથી વૃદ્ધ બનવા લાગે છે. હવે ચાલીસ થઈ ગયાં, પચાસ થઈ ગયાં, સાઠ થઈ ગયાં, હવે ખલાસ! ઊધઈ જેવી આ માન્યતા માણસને અંદરથી કોરવા માંડે છે અને આખુંયે શરીર ખોખલા થઈ ગયેલા વૃક્ષની જેમ ખખડી જાય છે.

યુવાન રહેવાનું બધાને ગમે છે, પણ યુવાન કેમ રહેવું તે બધાને આવડતું નથી. જે માણસને આવડે છે, તેને બુઢાપો અમુક સમયથી વધુ હેરાન કરી શકતો નથી. જીવવાનો આનંદ માણવા માટે શરીર સ્વસ્થ હોય તે જરૂરી છે, પણ એ માટે માણસ કાયમ વીસ જ વર્ષનો હોય એ જરૂરી નથી.

વિચાર કરી જુઓ, તમે પાંચ વર્ષના હતા ત્યારે ત્રણ પૈડાં વાળી સાઈકલ ચલાવવામાં જે આનંદ આવતો હતો તે અત્યારે આવી શકશે? ફુગ્ગાથી રમવામાં એટલી મજા આવી શકશે? તે વખતે ત્રીસ-પાંત્રીસ વરસના પિતા તમારી વાત સાંભળવાનું અધૂરૂં મૂકીને દુકાને કે ઑફિસે જવા નીકળી પડતા હશે ત્યારે તેમની તે ક્રિયા તમને કેટલી નકામી લાગતી હશે? પ્રેમમાં હતાસ થઈ ગયેલ ભાઈ કે બહેન અથવા તો દેવું થઈ જવાને કારણે કપાળે હાથ મૂકીને બેઠેલા કાકા તમને કેવા લાગતા હતા? એ બધું તમારા માટે કેટલું નીરસ કે નિરર્થક હતું? એવું જ, કદાચ, તમારું અત્યારનું દોડાદોડીવાળું જીવન તમને વૃદ્ધાવસ્થામાં લાગશે. દરેક ઉંમરે માણસના વિચારો અને સમજમાં ફેરફાર થયા કરે છે અને દરેક ઉંમરને એનો પોતાનો આનંદ હોય છે.

જે માણસ આજે ત્રીસ વર્ષનો હશે તેને જરૂર લાગશે કે, આજે એના જીવનમાં જે આવડત છે તે વીસ વર્ષની ઉંમરે નહોતી. ચાલીસ-પિસ્તાલીસ વર્ષનો હશે તે સંમત થશે કે, પંદરવીસ વર્ષ પહેલાં તેની પાસે આજે છે તેવી સગવડ કે આબરૂ નહોતી. પચાસ વર્ષનો હશે તે કહેશે કે, આજે તેમનામાં જે ડહાપણ છે તે વીસ-પચીસ વર્ષ પહેલાં નહોતું. એનો અર્થ એ છે કે, જીવન અમૃતનો પ્રવાહ છે. કોઈ પણ ઉંમરે એ શુષ્ક કે કડવું નથી હોતું. પસાર થતું દરેક વર્ષ મનુષ્યને વધુ પુષ્ટ બનાવે છે. માત્ર પથ્થરો ઉપર જ લીલ બાઝી જાય છે અને તે નકામા થઈ જાય છે એનો અર્થ એ નથી કે ઈચ્છાશક્તિના જોરથી માણસ પોતાના વાળને સફેદ થતા રોકી શકે અથવા તે ચામડી પર કરચલી પડતી રોકી શકે. પણ એનો અર્થ એટલો જરૂર છે કે, સફેદ વાળ અને કરચલીવાળા ચહેરા સાથે પણ તે આનંદિત રહી શકે, અને આનંદ એ જ જીવન છે.

અર્નેસ્ટ એલ્પોકોકીએ લખ્યું છે કે, જો કોઈ માણસ પાસે જીવનનિર્વાહ જેટલી કમાણી, કામકાજ કરી શકાય એટલી તંદુરસ્તી અને કોઈ પણ વસ્તુમાં રસ લેવાની શક્તિ, એ ત્રણ વસ્તુઓ હોય તો એવો માણસ ગમે તે ઉંમરે અને ગમે તે સ્થળે સુખથી જીવી શકે છે. જીવનનો પ્રવાહ નદીના પ્રવાહ જેવો છે, સતત વહ્યા કરે છે. ગમે તે સ્થળેથી તે ચાખી શકાય છે. કિનારે બેસીને માત્ર યોજનાઓ કે ચિંતા કરવાથી કશું જ પ્રાપ્ત થઈ શકતું નથી. એનો અર્થ એવો નથી કે પ્લાનિંગ ન કરવું. કોઈ કામ માટે યોજના ન કરવી. એનો અર્થ એટલો જ છે કે યોજનાઓ કરવા પાછળ જ સમય વેડફી ન નાખવો. કારણ કે, એવી અફર, જડબેસલાક યોજના કોઈ કરી શકતું નથી અને યોજના નિષ્ફળ જાય તો ચિંતા ન કરવી. ચિંતા કરવાથી કશું જ વળતું નથી.

BIO-DATA

Name	: **Dr. NIRALI MAHESHBHAI SHETH**
DB / DT	: 15-06-1992 / 8.00 am.
Birth Place	: Botad
Height	: 5' - 4" / Weight : 52 kg.
Religious	: Swetamber Murtipujak
Education	: M.B.B.S. (M.P. Shah Medical College, Jamnagar) DNB-Pediatric-R.1 at GMERS Medical College, Vadodara (Running)

FAMILY BACKGROUND

Father	: Mahesh Jayantilal Sheth (Mo.: 9898053229)
Mother	: Sonalben Maheshbhai Sheth
Brother	: Marmik M. Sheth (Final M.B.B.S. at V. S. Hospital Ahmedabad)
Sister	: Khushi M. Sheth (Studying in 11th, Science)
Res. Address	: 36, Sarvoday Society, Motivadi Corner, Botad - 364710. Ph.: 02849-255230
Office Address	: Pyramid Investments Pvt. Ltd. "Pyramid House", Opp. Meghani Hospital, Nr. Mahila Mandal, Botad-364710. Ph.: (02849) 253333 / 34
E-mail	: mjsheth12@rediffmail.com
Mosal	: Bipinkumar Maganlal Desai Dhari (Dist. Amreli). Mob.: 9925667387.

Advt.

ડાયાબિટીસ

- ❖ આમલીના ચિચૂકા શેકીને ખાવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ લીમડાનાં પાનનો રસ નિયમિત પીવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ કુમળાં કારેલાંના નાના કટકા કરી છાંયડામાં સૂકવી, બારીક ભૂકી કરી, એક તોલા જેટલી ભૂકી સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ સારાં પાકા જાંબુને સૂકવી બારીક ખાંડી, ચૂર્ણ બનાવી પાણી સાથે દિવસમાં બે વાર લેવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ રોજ રાત્રે દોઢથી બે તોલા મેથી પાણીમાં પલાળી રાખી, સવારે ખૂબ મસળી, ગાળીને પીવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ હળદરના ગાંઠિયાને પીસી, ઘીમાં શેકી થોડી સાકર મેળવી, રોજ ખાવાથી ડાયાબિટીસમાં ખૂબ ફાયદો થાય છે.
- ❖ આમળાનું ચૂર્ણ ફાકવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ હરડે, બહેડા, કડવા લીમડાની અંતરછાલ, મામેજવો અને જાંબુના ઠળિયા સરખે ભાગે લઈ બારીક ચૂર્ણ કરી સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.
- ❖ હળદર એક ચમચી અને આમળાનું ચૂર્ણ એક ચમચી ભેગા કરી રોજ સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસમાં ખૂબ રાહત થાય છે.
- ❖ ૫૦ ગ્રામ લીલી હળદર, કાળી તુલસીનાં પાન ૧૦, બીલીપત્રનાં પાન ૩૦ ને વાટી ૧ ગ્લાસ પાણીમાં રાત્રે ભીંજવી સવારે ખૂબ મસળી કપડાથી ગાળી સવારે નરણે કોઠે પીવું. આ પાણી પીધા પછી એક કલાક સુધી કંઈ પણ ખાવું-પીવું નહિ. ૨૧ દિવસ સુધી આ પ્રમાણે લેવાથી ડાયાબિટીસ ચોક્કસ મટે છે.

લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

યુવક

નં	નામ, જ.તા., ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય	જ્ઞાતિ-મૂળ વતન-હાલ	સંપર્ક
૧)	ભાવિન હસમુખભાઈ શાહ, ૨૮-૧-૧૯૭૬, ૫'-૯'' M.B.A., - (શનિ છે)	વિજાપુર સત્તાવીશ વી.શ્રી.દે.જૈન માણસા - વિલેપાર્લા	(ઘર) ૬૧૪૯૯૬૯ (મો) ૯૩૨૧૦૬૬૫૫૨
૨)	ધૈર્ય મનિષભાઈ પારેખ, ૧૯-૪-૧૯૮૭, ૫'-૧૦'' M.B.A. - Finance	દેરાવાસી સ્થાનકવાસી જૈન રાજકોટ –	(ઘર)૦૨૮૧૨૪૭૩૬૯૩ (મો) ૯૦૩૩૫૩૨૩૨૧
૩)	હેમંત સુરેન્દ્ર શાહ, ૩-૧૨-૧૯૮૫, ૫'-૯'' B.Sc.(IT) M.C.A. – (નિર્દોષ છુટાછેડા)	વિશા ઓશવાળ જૈન વિજાપુર - મુંબઈ	(ઘર) ૨૬૨૦૪૭૯૧ (મો) ૯૦૦૪૧૮૯૩૪૧
૪)	અમિત જગતભાઈ શાહ, ૨૯-૫-૧૯૮૪, ૬'- ૦'' B.Com., M.C.A., M.I.M., /M.COM. –	ઘોઘારી વિશા શ્રીમાળી જૈન ભાવનગર - વિલેપાર્લે	(ઘર) ૨૬૭૧૨૨૨૮ (મો) ૯૯૮૭૭૬૬૭૮૮
૫)	નિશિત કિશોરભાઈ શાહ ૨૩-૧૧-૧૯૮૪, ૫'- ૯'' B.E.(IT), M.S. MIS, Chicago USA	શ્વેતાંબર દેરાવાસી જૈન સિદ્ધપુર પાટણ - વિલેપાર્લા	(ઘર) — (મો) ૯૯૬૯૨૮૭૮૭૮
૬)	ધવલ રાજેન્દ્રભાઈ દેસાઈ, ૭-૧૦-૧૯૮૯, ૫'- ૬'' M.B.A., - ICICI - સેક્રેટરી	દશા શ્રીમાળી દેરાવાસી જૈન જામકંડોરણા – ઘાટકોપર	(ઘર) — (મો) ૯૮૬૭૯૬૬૮૪૦
૭)	મિતુલ અનિલકુમાર સંઘાણી, ૩૧-૩-૧૯૮૮, ૫'-૧૧'' C.A., Pursuing ACCA (UK), – સર્વિસ	દશા શ્રીમાળી સ્થા. જૈન ગોંડલ – મલાડ (વે)	(મો) ૯૦૨૯૨૫૮૯૯૧ ૯૯૩૦૨૭૪૬૨૦
૮)	તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧'' S.S.C., – બિઝનેસ	દશા શ્રીમાળી સ્થા. જૈન બિલખા (જૂનાગઢ) - વસઈ	(ઘર) ૦૨૫૦૨૩૩૪૭૨૨ (મો) ૯૩૨૩૧૭૯૧૦૦

યુવતી

૧)	માનસી ભદ્રેશભાઈ શાહ, ૨૬-૪-૧૯૮૮, ૫'- ૦'' T.Y.B.Com., - (છૂટાછેડા	વિશા પોરવાડ દેરાવાસી જૈન ખંભાત – વિરાર (મુંબઈ)	(ઘર) — (મો) ૯૭૩૦૮૯૮૮૭૨
૨)	રૂચી અતુલભાઈ શાહ, ૨૭-૧-૧૯૯૨, ૫'-૦'' B.C.A., - (નિર્દોષ છૂટાછેડા)	સત્તાવીશ વિશા પોરવાડ દેરા.જૈન વલસાડ – યુએસએ	(ઘર) — (મો) ૯૯૮૭૪૬૪૧૧૨
૩)	ડોલી મનુભાઈ શાહ, ૨૨-૪-૧૯૮૮, ૫'-૪'' B.Com., -	ગુજરાત જૈન દેરાવાસી પાટણ – અંધેરી	(મો) ૯૯૨૦૮૫૩૮૫૦ (મો) ૯૯૨૦૩૧૭૭૧૬
૪)	શિખા દેવાંગભાઈ કાપસી, ૫-૧૦-૧૯૮૭ ૫'-૨'' B.Com., M.B.A. -	ઝાલાવાડ દશા શ્રીમાળી દેરાવાસી જૈન – ઘાટકોપર	(મો) ૯૩૨૪૦૬૬૪૩૮ (મો) ૯૮૨૧૨૨૭૬૩૭
૫)	ધ્વનિ ભરતકુમાર શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭'' M.Com., -	શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ સુરત – ઘાટકોપર	(ઘર) ૨૧૦૨૨૮૧૨ (મો) ૯૮૬૯૩૧૭૬૨૩
૬)	કેજલ મિલિંદ શાહ, ૬-૬-૧૯૯૧, ૫'-૩'' M.Com., -	દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન વિંછીયા – ઘાટકોપર	(મો) ૯૮૨૦૩૬૪૮૬૭ (મો) ૯૯૬૭૪૩૩૩૯૭
૭)	જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪'' બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા)	ઘોઘારી વીસા શ્રીમાળી જૈન શિહોર – ગોરેગામ	(ઘર) ૨૮૭૫૭૫૩૫ (મો) ૯૩૨૩૩૩૪૩૦૭

ZALAWAD BUSINESS FORUM

JEEL TOWNSHIP
Presents

3rd TRADE FAIR 2017

Powered by La Marquise · VARMORA Innovating happiness · KOMPRESS We create space on earth

Over 50000 + Consumers, Business Owners & Decision Makers

- Multi Community
- 50,000+ Visitors
- 400+ Stalls
- Other Premium Clusters on Cards
- Loan Mela by reputed Banks & other Financial Institutions

28th - 29th JANUARY 2017
Bombay Exhibition Center, Goregaon East, Mumbai

GALA NIGHT
Followed by Dinner

Spot Free Medical Check-up
by Kokilaben Dhirubhai Ambani Hospital

STAR ATTRACTIONS

MANBA
Presents
ZBF Fashion Show

1ST EVER OF ITS KIND FOR ALL AGE GROUPS

Powered by
adaah creations · Tip Top IMPEX

Retail Bazaar

FREE BUS SERVICES
From **Goregaon East** Station

HOURLY LUCKY DRAW

Featuring for the 1st Time ever
AN INTERNATIONAL PAVILION
Participation of Business Houses from across the Globe

Our Associates

MANBA · HAPPY HOME Enriching Lifestyle Since 1979 · datagroup · SAMARTH LIFE SCIENCES PVT. LTD. · Handloom Emporium

Exhibitors from Surendranagar, Limbdi, Ahmedabad
Have you booked your preferred stall yet?
Book your stalls now on www.zbfindia.org
or Contact Sneha Shah +91 99201 40422
and Rahul Sanghvi +91 98200 74615

Travel Partner: तीर्थयात्रा Specialist for Jain Tours
Event Partner: Nuts & Bolts A perfect fit of ideas and skill

Advt.

Zalawad Business Forum (ZBF)
Office Address: Gala #38, Gokul Arcade, Near Garware, Sahar Road,
Off. Western Express Highway, Vile Parle East, Mumbai 400 057. India.
Tel: +91 9702108514 I **Email:** admin@zbfindia.org I **Website:** www.zbfindia.org

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/1/2017
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

ગ્રુપ ટૂર

યુરોપીયન એપીક
૧૮ રાત્રિ / ૧૯ દિવસ
ટુર ઉપડવાની તારીખ : મે ૫,૧૨,૧૯,૨૬
જૂન ૯,૨૩ | જુલાઈ ૧૪ | ઓગષ્ટ ૧૮
₹ 2,97,500/-
PER PERSON ONWARDS

યુરોપીયન યુરેકા
૧૫ રાત્રિ / ૧૬ દિવસ
ટુર ઉપડવાની તારીખ : મે ૬,૧૩,૨૦,૨૭
જૂન ૩,૧૭ | જુલાઈ ૮,૨૯ | ઓગષ્ટ ૧૨,૨૬
સપ્ટેમ્બર ૧૬ | ઓકટોબર ૧૭
₹ 2,60,200/-
PER PERSON ONWARDS

એનરજાઈઝીંગ યુરોપ
૦૬ રાત્રિ / ૦૭ દિવસ
ટુર ઉપડવાની તારીખ : મે ૭,૧૪,૨૮
જૂન ૪,૨૫ | જુલાઈ ૯ | ઓગષ્ટ ૨૦
સપ્ટેમ્બર ૧૭ | ઓકટોબર ૧૮,૨૦,૨૨
₹ 1,48,400/-
PER PERSON ONWARDS

કસ્ટમાઈઝડ ટૂર

એમેઝીંગ ઈસ્ટર્ન યુરોપ
૦૭ રાત્રિ / ૦૮ દિવસ
₹ 99,999/-
PER PERSON ONWARDS

સ્કેનટીલેટીંગ સ્વીટઝર્લેન્ડ
૦૭ રાત્રિ / ૦૮ દિવસ
₹ 1,99,999/-
PER PERSON ONWARDS

ગ્રુપ ટૂર

દુબઈ ડીસ્કવરી-૧
૦૬ રાત્રિ / ૦૭ દિવસ
ટુર ઉપડવાની તારીખ :
ફેબ્રુઆરી ૩,૧૦,૧૭
₹ 53,000/-
PER PERSON ONWARDS

દુબઈ ડીસ્કવરી-૨
૦૬ રાત્રિ / ૦૭ દિવસ
ટુર ઉપડવાની તારીખ :
માર્ચ ૧૧,૨૩,૨૭
₹ 55,000/-
PER PERSON ONWARDS

કસ્ટમાઈઝડ ટૂર

દુબઈ સાથે થ્રીલીંગ ફરારી પાર્ક
૦૬ રાત્રિ / ૦૭ દિવસ
₹ 43,000/-
PER PERSON ONWARDS

દુબઈ સાથે અમેઝીંગ અબુ ધાબી
૦૫ રાત્રિ / ૦૬ દિવસ
₹ 37,000/-
PER PERSON ONWARDS

વેલિડીટી ૩૧ માર્ચ ૨૦૧૭ સુધી

www.flamingotravels.co.in

not just a business, but a philosophy
FLAMINGO®
transworld pvt. ltd.

Advt.

મુંબઈ ઓફિસ : 905, 9મો માળ, કે.પી. ઔરમ,
સેવન હીલ્સ હોસ્પિટલ પાસે, મરોલ મરૂષી રોડ,
અંધેરી (પૂર્વ), મુંબઈ
M : TEJ 7506513305 | VINAY 7506513826
E : mumbaiteam@flamingotravels.co.in

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**